स्वराज की शाला - शिशुविहार
स्थापना १९३९
२०२१-२०२२
स्वातंत्र्य - अमृत महोत्सव

# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪

સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૪૩ ● ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ ● પાનાં : ૩૨ ● વાર્ષિક લવાજમ રૂ.૫૦


## ડૉ. નિર્મળભાઈ ન્યાલચંદ વકીલ વૃદ્ધજન સન્માન સમારંભ




વિદ્યાનીધિ ટ્રસ્ટ ગુજરાત વિભાગનાં અધ્યક્ષા તથા જાણીતાં તત્વ ચિંતક સ્વામિની શ્રી સુલભાનંદાજીની અધ્યક્ષતામાં ૩૨મો વડીલ વંદના કાર્યક્રમ ૨૭ નવેમ્બરે શિશુવિહાર પ્રાંગણમાં યોજાઈ ગયો. ભાવનગરની સેવા સંસ્થા શિશુવિહારનાં આજીવન પ્રમુખશ્રી તેમજ રેડક્રોસ અને સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસોસિએશન ભાવનગરના સ્થાપક ટ્રસ્ટી ડૉ. નિર્મળભાઈ ન્યાલચંદ વકીલની પુણ્ય સ્મૃતિમાં ૨૦૦ વડીલોની વયવંદના કરવામાં આવી. આ પ્રસંગે પૂર્વ નોંધણીથી ઉપસ્થિત તમામ વડીલોને પુસ્તક સંપુટ, ફેફસાંની કસરતનું સાધન તેમજ રૂમાલ, દવાઓ રાખવાની પેટી પ્રકારે વૃદ્ધાવસ્થામાં ઉપયોગી સાધનો ભેટ સ્વરૂપે આપી સહુનું ચા-નાસ્તા બાદ ચંદન તિલકથી અભિનંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સર્વોદય કાર્યકર શ્રી મનુભાઈ શાહ - સંનિષ્ઠ નિવૃત્ત સરકારી અધિકારીશ્રી નટવરભાઈ ચાંચડ, ટેકસ્ટટાઈલ ઈન્જીનિયર શ્રી દિનેશચંદ્ર શાહ તેમજ ભાવનગરના સેવાભાવી વકીલ શ્રી જે.જે.ચૌહાણનું વિશેષ અભિવાદન અધ્યક્ષ શ્રી ના



વરદ હસ્તે થયું. ૮૦ વર્ષ પછી પણ જીવન પ્રત્યે હકારાત્મક રહીને સક્રીય સમાજ સેવા સાથે જોડાયેલ મહાનુભાવોનું અભિવાદન સૌ માટે પ્રેરણાદાયી બન્યું. શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વૃદ્ધજન સન્માન સમારોહ પ્રસંગે અધ્યક્ષીય વિચાર પ્રેરતા સ્વામિની શ્રી સુલભાનંદાજી દ્વારા વડીલોને 'વૃદ્ધાવસ્થા અને કુટુંબ જીવન આનંદ જીવન' તથા સ્વસ્થ જીવનનું બહુમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈએ ભાવનગરના લોકસેવક પૂજ્ય માનભાઈએ શરૂ કરેલ વૃદ્ધાશ્રમના પ્રસંગને યાદ કરતા કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી તથા સહુનું સ્વાગત કરતા આશા વ્યકત કરી હતી કે, આવા પ્રસંગોથી નવી અને જૂની પેઢીનો સમન્વય સમાજ ઉપયોગી બનશે.






આ પ્રસંગે સંસ્થાનાં ટ્રસ્ટી ડૉ.મનિષ વકીલે આભાર દર્શન કર્યુ હતું તેમજ ઉપસ્થિત વડીલોને પુસ્તક આપનાર દિવ્યજીવનસંઘ સાધનસહાય પહોંચાડનાર શ્રી અચ્યુતભાઈ મહેતા તથા લલિતભાઈ શાહનો ખાસ આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી છાયાબેન પારેખ દ્વારા થયું. લાડુનાં ભોજન બાદ સંપન્ન થયેલ સમારોહમાં સંસ્થાનાં વિભાગીય કાર્યકરોએ ઉમદા સેવા આપી હતી.





તંત્રી, પ્રકાશક, મુદ્રક : ડૉ. નાનકભાઈ ભટ્ટ

❁ પ્રકાશન સ્થળ ❁

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧



Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736

## સન્માનિત શ્રી મનુભાઈ શાહનું અભિવાદન



૮૭ વર્ષની વયે પણ યુવાન સન્માનનીય શ્રી મનુભાઈ શાહ(જન્મ : ૧૯/૭/૧૯૩૬) ની કારકિર્દી યશસ્વી રહી છે. તેઓ લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના સ્નાતક, ડી.બી.એડ્. છે. બાપુ આશ્રમ ઘંટોલી, તાલુકો માંડવી, સઘન ક્ષેત્ર યોજના બોરખડી તાલુકો વ્યારા, સર્વોદય યોજના પારડી જેવા આદીવાસી પ્રદેશમાં પાંચેક વર્ષ સેવાઓ આપી. ૧૯૬૫માં લોકભારતીના સ્નાતિકા કલ્યાણીબહેન દવે સાથે તેમના લગ્ન ગાંધી વિધી પ્રમાણે પુ.રવિશંકર મહારાજ તેમજ પુ.કાકાસાહેબ કાલેલકર, પુ.બબલભાઇ મહેતા અને પુ. જુગતરામભાઇ દવેની હાજરીમાં સાદાઈથી આંતરજ્ઞાતીય લગ્ન સંપન્ન થયા. આજ વર્ષે લોકભારતી અધ્યાપન મંદિરમાં અધ્યાપક તરીકે જોડાયા. પ્રારંભે શેત્રુંજી ડેમ કેમ્પસ અને તત્પશ્ચાત્ લોકભારતીમાં ૩૯ વર્ષ પ્રવૃત્ત રહ્યા. ઉપાચાર્યની જવાબદારી સંભાળી. વિદ્યાર્થીઓને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સતત સામેલ કરતાં રહ્યા. તેમના માર્ગદર્શનથી ૬૦૦થી વધુ હસ્તલિખિત અંક તૈયાર થયા. વિજ્ઞાન પ્રોજેક્ટમાં તેમના યોગદાન બદલ રાષ્ટ્રીય ઍવોર્ડથી સન્માનીત થયા. નિવૃત્તિ પછી ૭ વર્ષ મનુભાઇ પંચોળીના મંત્રી તરીકે સક્રિય રહ્યા. શ્રી મનુભાઇ શાહ સમાજસેવાના ભેખધારી છે. દાતાઓની સહાયથી વિવિધ વિસ્તારમાં વંચિતોને વસ્ત્રો, ગરમ જર્સી, વાસણો વગેરેનું વિતરણ કરતા રહે છે. અંધશાળા, રક્તપિત કોલોની ભાવનગર, વૃદ્ધાશ્રમ સિહોર, પાગલ આશ્રમ પાલીતાણામાં ભોજન, વસ્ત્રો કે આવશ્યક વસ્તુઓ પહોંચાડે છે. મચ્છુ ડેમ હોનારત મોરબી, ધરતી કંપ કચ્છ જેવી કુદરતી આપત્તિઓના સમયે કે બોધ ગયા બિહારમાં નેત્રયજ્ઞ, દુષ્કાળ પ્રસંગે માનવતાના યજ્ઞમાં ખૂંપી જવાનો માનવીય અભિગમ તેઓને હંમેશા ઉજાગર રાખે છે. શ્રી મનુભાઇ પ્રવાસના શોખીન છે. ભારતના અનેક સ્થળોની અભ્યાસયાત્રા કરી આવ્યા છે. એમને વાંચન, લેખન અને ચિંતનમાં રસ-રુચિ છે. જેના પરિપાકરૂપે એમના ૧૨ પુસ્તકો પ્રકાશિત થયા છે. આકાશવાણી રાજકોટ પરથી રત્નકણિકાઓ પ્રસારિત થાય છે. વિવિધ વર્તમાનપત્રો,સામયિકોમાં એમની કલમ ચાલતી રહે છે. કર્મનિષ્ઠ મનુભાઈનું સન્માન સૌ વાનપ્રસ્થો માટે પ્રેરણાદાયી સિદ્ધ થશે. સંપર્ક : ૯૪૨૯૫૦૫૭૫૬.

## સન્માનિત શ્રી નટવરભાઈ ચાંચડ(પટેલ)નું અભિવાદન

સન્માનનીયશ્રી નટવરભાઈનો જન્મ : ૧૪/૮/૧૯૩૭ માં થયો. એમ.જે. કોલેજ ઓફ કોમર્સ ભાવનગરમાં ઈન્ટર કોમર્સમાં અભ્યાસ કરી રહ્યા હતા તે દરમિયાન ૧૯૫૬માં સેન્ટ્રલ એકસાઈઝ એન્ડ કસ્ટમ ખાતામાં નિમણૂંક મળી તેથી જામખંભાળિયાથી વડોદરા સુધી વિવિધ કચેરીઓમાં અનન્ય યોગદાન આપ્યું.





કાર્યકાળના ૩૯ વર્ષ પૂરાં કરી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સેન્ટ્રલ એકસાઈઝની પોસ્ટ પરથી ઓગસ્ટ ૧૯૯૫માં નિવૃત્ત થયા. તેમની સેવાકીય કારકિર્દી દરમિયાન અનેક વ્યક્તિઓએ પોતાનાં ખોટા કામો કરાવવાં પ્રલોભનો આપ્યાં અને છતાં તેને વશ થયા વિના પ્રામાણિકતા, પારદર્શિતા અને નિષ્ઠાથી પુરુષાર્થ કરતાં રહ્યાં અને રાષ્ટ્રવિકાસમાં નોંધનીય પ્રદાન કરતા રહ્યા, એટલું જ નહીં પણ એક ઉમદા ઉદાહરણરૂપ નાગરિક તરીકે અભિવાદનને લાયક ઠર્યા. ૧૯૫૯થી ૨૦૨૦ સુધી નંદનબહેન સાથેનાં દાંપત્ય જીવનમાં તેમણે પ્રસન્નતા અનુભવી છે. પરિણામે ઈશ્વર અને સમાજના સતત આશીર્વાદ મળ્યા છે. તેમના સંતાનો - પરિવાર આનંદ, કિલ્લોલથી જીવન જીવી રહ્યા છે. નટવરભાઇ આજે વિવિધ સંસ્થાઓને યથાશક્તિ મદદ કરે છે. નિષ્કામ કર્મ અને અપરિગ્રહને વરેલા ૮૬ વર્ષના સન્માનીત વડીલ આજે પણ વાંચન, મનન, સદ્કાર્ય થકી સક્રિય રહી વય વંદનાએ પહોચેલ વૃદ્ધો માટે માર્ગદર્શક બને છે અને સન્માનનીય બન્યા છે. શ્રી નટવરભાઈને વંદન, અભિનંદન.

સંપર્ક : ૯૪૨૮૩૦૦૦૯૩

## સન્માનિત શ્રી દિનેશચંદ્ર શાહનું અભિવાદન



સન્માનનીયશ્રી દિનેશભાઇ (જન્મ : ૨૮/૧૧/૧૯૪૧) એટલે અધ્યયનકાર્ય, વ્યાપાર અને સેવાનો ત્રિવેણી સંગમ. એમ.પી. શાહ સાયન્સ કૉલેજ રાજકોટ માંથી ઈલેક્ટ્રોનિક્સમાં ડિપ્લોમાં પ્રાપ્ત કરીને સી.એન. પોલિટેકનિક અમદાવાદમાં આસિસ્ટન્ટ લેકચરર તરીકેની સેવાનો શુભારંભ કર્યો. તત્પશ્ચાત્ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, ટેક્ષ્ટાઇલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ‘અટિરા’ અને અંબિકા ટેક્ષ્ટાઈલ મિલ અમદાવાદમાં સક્રિય રહ્યા. તેઓ સાહસિક અને ઉદ્યમી છે. ૧૯૭૬માં ટેક્ષ્ટાઇલ ઓકિસલિયરીના મેન્યુફેક્ચરિંગની શરૂઆત કરી. આજે જર્મન પ્રોડક્ટની સામે સ્પર્ધામાં ટકી શકે તે સ્તરની ગુણવત્તા પ્રાપ્ત કરી ભારતીય પ્રોડક્ટ થકી ગુજરાતનું નામ મુઠી ઊંચેરું કીધું છે. શ્રી દિનેશભાઈની કંપની આજે એક ડઝન જેટલી વિવિધ પ્રોડક્ટ તૈયાર કરે છે. તેઓને ભારતીય સંસ્કૃતિ માટે ગૌરવ છે તેથી ૧૦ વર્ષની વયથી રાષ્ટ્રીય સેવક સંઘ સાથે જોડાયેલા છે. ફલસ્વરૂપે શ્રી દિનેશભાઈએ યુવા વયથી રમત ગમત રનિંગ,

તથા સ્વિમીંગ વગેરેમાં નિપૂણતા હાંસલ કરી છે. સૌરાષ્ટ્ર જિલ્લા ઓલમ્પિકમાં ભાગીદાર પણ થયા છે. વ્યાપાર સાથે રાષ્ટ્ર સેવાના મંત્રને વરેલા દિનેશભાઈનું સન્માન ગુજરાતી વડીલો માટે પ્રેરણાદાયી બને છે. સંપર્ક : ૯૮૯૮૨૧૩૬૬૬

## સન્માનિત શ્રી જગજીવનભાઇ ચૌહાણનું અભિવાદન



શ્રી જે.જે. ચૌહાણ (જન્મ : ૪/૩/૧૯૪૬) ભાવનગરના કાબેલ ધારાશાસ્ત્રી અને સહૃદયી સરળ વ્યક્તિ તરીકે સમગ્ર ગુજરાતમાં વિખ્યાત છે. ભાવનગરના ગરીબ વિસ્તારમાં આવેલ નવાપરા પ્રાથમિક શાળાના અભ્યાસ દરમિયાન વિદ્યાપ્રાપ્તિની સાથે સિલાઇ કામ, ગાજ-બટન શીખીને વિદ્યાર્થી અવસ્થાથી જ પરિવારની આર્થિક જવાબદારી ઉઠાવતા ગયા. ધોરણ ૧૦ પછી મહુવા તાલુકાની અદાલતમાં ટાઇપિસ્ટ તરીકે નિમણૂંક પામ્યાં. વફાદાર અને નિષ્ઠાવાન કાર્યકર તરીકે બઢતી મેળવીને ભાવનગર ન્યાય કોર્ટમાં કલાર્ક તરીકે ૧૯૭૪ સુધી સેવાઓ આપી. નોકરી દરમિયાન ખાતાની પરવાનગીથી ઉચ્ચઅભ્યાસ કરી બી.એ. એલ.એલ.બી. ની ઉપાધિ મેળવી અને ત્યારપછી વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. અનેક નોંધપાત્ર કેસોમાં તેમણે સફળતા પ્રાપ્ત કરી છે. છેક ગુજરાત હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સુધી લડતા રહ્યા છે એટલું જ નહીં પણ સામાજિક ન્યાયને પ્રાધાન્ય આપતા રહ્યા છે. ૨૦૦૨માં નામદાર ગુજરાત સરકારે એમની નોટરી પબ્લિક તરીકે નિમણૂંક કરી. તેઓ સેવાકીય હેતુથી નોટરી તરીકે કાર્યરત છે. વિદ્યાર્થીઓની માર્કશીટની ખરી નકલ કરી આપવા સાથે જનસેવાના પ્રકલ્પો હોંશથી યોજી આપે છે. શ્રી જે.જે. ચૌહાણ તેમની દેસાઇ, સઇ-સુથાર જ્ઞાતિમાં ટ્રસ્ટી છે. શ્રી જે.જે. ચૌહાણ આધ્યાત્મિક પ્રવૃત્તિમાં ભાવ અને શ્રદ્ધાના રંગે રંગાયેલા છે. કર્તવ્યનિષ્ઠ અને પ્રામાણિકતાના બળે સફળ કારકિર્દીનું ખેડાણ કરનાર તેમનું ધૂપસળી જેવું જીવન સૌ માટે પ્રેરણાદાયી છે. નિયમિત યોગાભ્યાસ સાથે સ્વસ્થ જીવન અને સમાજસેવામાં વ્યસ્ત શ્રી ચૌહાણસાહેબની વડીલ વંદના પ્રેરણાદાયી છે.

સંપર્ક : ૯૮૯૮૨૯૦૦૩૦

## સંસ્થા કાર્યકરોનું સ્નેહમિલન

શિશુવિહાર સંસ્થામાં સેવાર્થી કાર્યકરોનું વાર્ષિક સ્નેહમિલન તારીખ ૧૧ નવેમ્બરના રોજ શનિવારે યોજાયું. સંસ્થા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ દવે, શ્રી ઇન્દાબેન ભટ્ટ શ્રી શબનમબહેન કપાસી, શ્રી હરેશભાઇ ભટ્ટ, શ્રી જતીનભાઇ ભટ્ટ તથા લોકભારતીનાં પૂર્વ નિયામક પ્રા.પ્રવીણભાઇ ઠક્કરની ઉપસ્થિતીમાં યોજાયેલ કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના કાર્યક્રમ સંયોજક શ્રી પરેશભાઇ પાઠકે સહુને આવકાર આપી ઉપક્રમ





પરિચય આપેલ, ત્યારબાદ પુસ્તકાલય, બુધસભા, બાલદેવવન, બાલમંદિર, આરોગ્ય સેવા, મનોરંજન, પ્રકાશન, સંકલન, એકાઉન્ટ વિભાગ જીવન શિક્ષણ અને સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ કાર્યકરોએ પોતાની વર્ષભરની કામગીરીનો અહેવાલ તથા વર્ષ ૨૦૨૪નું આયોજન રજૂ કર્યુ હતું. આ ઉપક્રમે ડૉ.નેહલભાઇ ત્રિવેદીના માર્ગદર્શનમાં સંસ્થા કાર્યકરોનાં પરફોમન્સ ને સાથી કાર્યકરો દ્વારા ઇવેલ્યુએટ કરવામાં આવેલ. સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ દવે, ડૉ.નાનકભાઇ ભટ્ટ, પ્રા.પવિણભાઇ ઠક્કર સંસ્થાનાં ચાર્ટડ એકાઉન્ટન શ્રી પ્રમોદભાઇ શાહ તથા ઉપસ્થિત શુભેચ્છકોએ સંસ્થાના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા તથા એક ટીમ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપતા રહી. સંસ્થાના ૧૦૦માં વર્ષનાં વિઝન તરફ વધુ અસરકારી કાર્ય થાય તે લક્ષ્ય રાખી સંસ્થાની પ્રવૃત્તિ અંગે દિશા નિર્દેશ કરાયો હતો. વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે વડીલો દ્વારા તમામ કાર્યકરોને પુરસ્કૃત કરવામાં આવેલ. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમમાં પરિવારના તમામ સભ્યોએ પરસ્પરને શુભેચ્છા પાઠવી હતી.

## શિશુવિહારનું ૮૪મું સ્થાપના વર્ષ તથા વિક્રમ સંવત ૨૦૮૦ના પ્રારંભે શિશુવિહાર પરિવારનું સ્નેહમિલન





વિક્રમ સવંત ૨૦૮૦ ની શરૂઆત તથા શિશુવિહાર સંસ્થાનાં સ્થાપનાનાં ૮૪માં વર્ષ પ્રારંભે સંસ્થાનાં પ્રાંગણમાં પરિવાર સ્નેહમિલન યોજાયું. સંસ્થાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ દવેની પ્રેરક ઉપસ્થિતિમાં મળેલ નૂતનવર્ષ સ્નેહમિલનમાં શ્રી પરેશભાઇ ત્રિવેદી તથા જનુભાઇ ભટ્ટએ પરિવારજનોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. પ્રાર્થનાગાનથી પ્રારંભાયેલ સ્નેહમિલનનું શ્રી જયેશભાઇ દવેએ સંકલન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ ગુણીજનો, સ્નેહીજનોએ શુભેચ્છા પાઠવીને શિશુવિહાર સંસ્થાની ૮૩ વર્ષની સેવાઓને યાદ કરી હતી. નૂતનવર્ષ પ્રસંગે સંસ્થા પરિવારના સ્નેહીજનોએ શુભકામના પાઠવી મીઠું મોં કર્યું હતું...

●

**વર્ષ ૨૦૨૨-૨૩ સંસ્થા કાર્યકરો દ્વારા થયેલ પ્રવૃત્તિઓ અને તેમા રચનાત્મકતા, આત્મવિશ્વાસ અને વ્યકિતગત આનંદ તેમ વ્યકિતગત રીતે ૯ અને મૂલ્યાંકન કરનાર ૨૭ વ્યકિતઓના કુલ ગુણ ૨૪૩ માંથી ઉપરના ક્રમે ૭ કાર્યકરોની સાભાર નોંધ ગૌરવપ્રદ છે.**

| કાર્યકરશ્રીનું નામ | વિભાગ | સાથી કાર્યકરોનું મૂલ્યાંકન-ગુણ | | | |
|---|---|---|---|---|---|
| | | રચનાત્મક અભિગમ | આત્મ-વિશ્વાસ | વ્યકિતગત આનંદ | કુલ |
| શ્રી રાજુભાઇ મકવાણા | આરોગ્ય | 74.50 | 75.50 | 71 | 221 |
| શ્રી પ્રીતિબહેન ભટ્ટ | આંગણવાડી, ક્રાફ્ટ | 74 | 73 | 73 | 220 |
| ડૉ.ભાવિકાબહેન હરિયાણી | ફીઝીયોથેરાપી | 69 | 74 | 70 | 213 |
| શ્રી અનિલભાઇ બોરીચા | મીડિયા | 69 | 70 | 70 | 209 |
| શ્રી કમલેશભાઇ વેગડ | સ્કાઉટ-ક્રીડાંગણ | 69 | 65 | 70 | 204 |
| શ્રી હિનાબહેન ભટ્ટ | કાર્યક્રમો | 68 | 67 | 66 | 201 |
| શ્રી કમલાબહેન બોરીચા | બાલમંદિર | 66.50 | 64 | 66.50 | 197 |

## શિશુવિહાર ટીમનું વિશિષ્ટ પ્રવૃત્તિ આયોજન - વર્ષ ૨૦૨૪

**કાર્યકર : શ્રી હિનાબહેન ભટ્ટ (કાર્યક્રમ સંકલન)**

ઓર્ગેનિક કુડનું વિતરણ અને કેન્ટીન વ્યવસ્થા કરવી, સંસ્થા પ્રાંગણની સુવિધાઓનો લાભ ૫૦૦ પ્રવૃત્તિઓ સુધી વિસ્તારવો, સંસ્થાગત તાલીમોને ૨૫૦૦ ભાઇ બહેનો સુધી વિસ્તારવી, સી.એસ.આર. પ્રવૃત્તિઓનું સંકલન અને ડોકયુમેન્ટેશન કરવું. વિશિષ્ટ પ્રવૃત્તિઓના આયોજન માટે સંકલન કરવું.



**કાર્યકર : શ્રી પ્રીતિબહેન ભટ્ટ (તાલીમ)**

શહેર આંગણવાડી તાલિમમાંથી ૨૦ ઉત્તમ શિક્ષકોનું અભિવાદન કરવું, શહેર આંગણવાડીમાંથી ઉત્તમ ૫૦ મા-બાપનું અભિવાદન કરી સ્વસ્થ બાળવિકાસ સંબંધે માર્ગદર્શક વ્યવસ્થા વિકસાવવી, જીવન શિક્ષણ (કૌશલ્ય) વિષયે ડીપ્લોમાં અભ્યાસક્રમ તૈયાર કરવો તથા ૮૦ વિદ્યાર્થીના વાલીને તાલીમ આપવી.

**કાર્યકર : શ્રી કમલેશભાઇ વેગડ (ક્રીડાંગણ તાલીમ)**

ક્રીડાંગણ તાલીમાર્થીઓમાંથી ૫ વિદ્યાર્થીઓને રાજયપાલ સ્કાઉટ તથા ૩ ને રાષ્ટ્રપતિ સ્કાઉટ માટે તાલીમ આપવી, તાલીમાર્થીઓ પૈકી ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનું ૧૦૦% પરિણામ આવે તે માટે જરૂરી માર્ગદર્શન સુવિધા આપવી, વર્ષ દરમ્યાન ૫૦ની સંખ્યામાં ૨ તાલીમ વર્ગ યોજવા, તાલીમાર્થીઓ માટે કમ્પ્યુટર તાલીમ ઉપલબ્ધ કરવી, તાલીમાર્થીઓની દર ત્રણ મહીને આરોગ્ય તપાસ યોજવી.

**કાર્યકર : શ્રી મંગળસિંહ પરમાર (પુસ્તકાલય)**

પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૪૦૦ કરવી, સ્પર્ધાત્મક પુસ્તકોનો લાભ યુવકો લે તે માટે પ્રચાર-પ્રસાર કરવો, પરીક્ષા સમયે રાત્રી વાંચન વ્યવસ્થા વિકસાવવી, પુસ્તકાલયને સુવિધાયુકત કરવું, પુસ્તકાલયના ઉપક્રમે ૮ વિશિષ્ટ કાર્યક્રમો યોજવા, વાચક સભ્યોનું વોટ્સએપ ગ્રુપ કરવું.

**કાર્યકર : શ્રી દક્ષાબહેન ગોહેલ (મનોરંજન - પ્રકાશન - સ્વરોજગાર)**

૧૦૦ શાળાઓને મનોરંજન વિભાગથી લાભાન્વિત કરવી, ૫૦ શ્રમિક બહેનોને કાપડ થેલી ઈત્યાદી આર્ટીકલ દ્વારા રૂા. ૧,૫૦,૦૦૦/- ની રોજગારી પૂરી પાડવી, નવા ડ્રેસ તૈયાર કરાવવા.

**કાર્યકર : શ્રી અનિલભાઇ જોષી (દર્દી સાધન સહાય)**

જરૂરીયાતમંદ ૧૦૦૦ નાગરિકો સુધી દરદી સાધન સુવિધા વિસ્તારવી, સાધન સુવિધા કેન્દ્રની વિગત શહેરના ડોકટરો સુધી વિસ્તારવી, જરૂરિયાત અનુસાર નવા સાધનો વસાવવા.

**કાર્યકર : શ્રી ગુલાબબા ગોહિલ (સીવણ તાલિમ)**

વર્ષ દરમ્યાન ૪ તાલીમો થકી ૪૦૦ બહેનોને સીવણ તાલીમ સાથે સાંકળવા, ૨૦ ઉત્તમ બહેનોને ટેકનીકલ બોર્ડની પરીક્ષા અપાવવી, જરૂરિયાતમંદ ૨૦ બહેનોને સીવણ સંચા આપવા, ઉત્તમ ૨૫ તાલીમાર્થીઓનું સીવણ કીટથી અભિવાદન કરવું, સીવણ તાલીમાર્થીઓનું સંમેલન કરવું. માહિતી પુસ્તિકા પ્રકાશિત કરવી, સીવણ તાલીમાર્થીઓને વર્ષ દરમ્યાન ૮ વિશિષ્ટ કાર્યક્રમો આપવા.

**કાર્યકર : શ્રી હિનાબહેન ભટ્ટ - ડૉ.માનસીબહેન ત્રિવેદી (બુધસભા)**

બુધસભાના કવિ કવયત્રિઓનું ગ્રુપ અપડેટ કરવું, વર્ષ દરમ્યાન ૧૫૦૦ કાવ્ય રચનાઓ રજુ થાય તે માટે સંકલન કરવું, સાહિત્ય રસિકોને વર્ષ દરમ્યાન ૪ વિશિષ્ટ કાર્યક્રમો આપવા, સંકલન સમિતિની રચના કરવી, યોજાતા કાર્યક્રમોની નોંધ ફેસબુકમાં મુકવી, બુધસભા પ્રવૃત્તિની વિગત પ્રકાશિત કરવી.

**કાર્યકર : શ્રી કમલાબહેન બોરીચા (બાલમંદિર)**

બાલમંદિરની પ્રવૃત્તિઓ ૧૦૦ કુટુંબો સુધી વિસ્તારવી, બાલમંદિરની શૈક્ષણિક પ્રવૃત્તિઓની આયોજનબદ્ધ નોંધ રાખવી.

**કાર્યકર : ડૉ.ભાવિકાબહેન હરિયાણી (ફીઝીયોથેરાપી ફિટનેસ)**

ફિઝીયોથેરાપી સેન્ટર સેવા ૫૦૦૦ દરદીઓ સુવિધા વિસ્તારવી, ફિટનેસ સેન્ટરની સુવિધા ૩૦૦ યુવક ભાઇ - બહેનો સુધી વિસ્તારવી, વર્ષ દરમ્યાન ૪ ઓર્થોપેડિક કેમ્પનું આયોજન કરવું, સેન્ટરમાં ડાયટીશ્યનની સેવા વિસ્તારવી, સેન્ટરના ઉપક્રમે યોગ કલાસ શરૂ કરવા.

**કાર્યકર : શ્રી રાજુભાઇ મકવાણા, ડૉ.અરવિંદભાઇ ત્રિવેદી (આરોગ્ય)**

સંસ્થાકીય આરોગ્ય પ્રવૃત્તિઓથી વર્ષ દરમ્યાન ૫૦,૦૦૦ નાગરિકોને લાભાન્વિત કરવા, આરોગ્ય પ્રવૃત્તિની સામાજિક અસર અંગે અભ્યાસ પ્રકાશિત કરવો.

**કાર્યકર : શ્રી અનિલભાઇ બોરીચા (સંકલન)**

સંસ્થા સામયિકને ૫૦૦૦ નકલમાં પ્રકાશિત કરવું, શિશુવિહારના કર્મિઓ નામે પુસ્તક પ્રકાશિત કરવું, શુભેચ્છાઓનું વોટ્સએપ ગ્રુપ અપડેટ રાખવું, સંસ્થા પ્રવૃત્તિઓના ૧૨ અખબારી અહેવાલો પ્રકાશિત કરાવવા, સંસ્થાની જૂની તસ્વીરોનું પ્રકાશન કરવું, તમામ પ્રવૃત્તિઓના સોશિયલ ફલાયર તૈયાર કરવા.

**કાર્યકર : શ્રી પરેશભાઇ પાઠક (સંકલન-બાલદેવવન)**

વર્ષ દરમ્યાન ૧૦૦ શાળાઓને બાલદેવવનમાં નિમંત્રિત કરવી, બાલદેવવનમાં ૧૦,૦૦૦ બાળકો રમવા આવે તે પ્રકારે જીવન શિક્ષણ સુવિધા વિકસાવવી, સંસ્થાકીય પ્રવૃત્તિઓનું સંકલન પ્રકાશિત કરવું, તાલીમ ભવન વિકસાવવું.

**કાર્યકર : ડૉ. નેહલભાઇ ત્રિવેદી (સંકલન)**

પ્રવૃત્તિ વ્યૂહ રચના અને મોનીટરીંગ માટે ૧૨ તાલીમ યોજવી, કાર્યક્રમના અમલીકરણ માટે પ્રોજેક્ટ પ્રપોઝલ તૈયાર કરવી, સી.એસ.આર. પ્રવૃત્તિનાં અહેવાલો



## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર :

માસ દરમિયાન બાલમંદિરમાં બાળકોની સરેરાશ હાજરી ૮૦ રહી હતી. સામુહિક પ્રવૃત્તિમાં બાળકોને પપેટ્સ બતાવવાની પ્રવૃત્તિ યોજાઈ તેમા ૬૫ બાળકો હાજર રહ્યા હતા. વિવિધ વસ્ત્રોનો પરિચય મળે તે હેતુથી વિવિધ વસ્ત્રોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. બાળવયથી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર માસ દરમિયાન બીલોરીકાચ પ્રકારે પ્રયોગ બતાવવામાં આવ્યા હતા. વિવિધ પ્રકારની દક્ષપેટી, રેતીયા અક્ષર, રંગીન પારા લાકડી, બે અક્ષરના સાદા શબ્દો તેમજ શરીરનો ચાર્ટ, પ્રાણી-પક્ષીનો ચાર્ટ બતાવવા તેમજ દહીં-દૂધની રમતની પ્રવૃત્તિ આપવામાં આવેલ. ૭ દાતાશ્રી તરફથી બાળકોને પોષક નારસ્તો આપવામાં આવેલ. માસ દરમિયાન







પ્રાતઃપ્રાર્થના સમયે ૭ બાળકોનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો. બાલમંદિરમાં બાળકોએ દિવાળી ઉત્સવમાં ફટાકડા ફોડવાનો આનંદ લીધો હતો. ૮૦માં અનુભવ તાલીમ વર્ગ અંતર્ગત ૪ બહેનોએ શ્રી પ્રીતિબહેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ ઈન્દ્રિયશિક્ષણ સાધનનો પરિચય કર્યો સ્વચ્છતાનો ખ્યાલ આપતી પ્રવૃત્તિઓ તેમજ હસ્તઉદ્યોગ તાલીમમાં શબ્દપોથી તેમજ ચિત્રો દોરી રંગ પુરવાની પ્રવૃત્તિ કરાવી હતી. બાળશિક્ષણમાં વિવિધ ઔષધીય પાનનો ચાર્ટ, ફળ તેમજ શાકભાજીના ચાર્ટ બહેનોએ બનાવ્યા હતા.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ

● મહારાજા કૃષ્ણકુમાર સિંહજી-ભાવનગર યુનીવર્સિટી દ્વારા.... યુવક મહોત્સવ પ્રસંગે અટલ ઓડિટરીયમમાં નારી વંદના અંતર્ગત શિશુવિહારના પાંચ કાર્યકરોનું અભિવાદન થયું. રજીસ્ટાર શ્રી દિલીપસિંહજી ગોહિલ અને મહાનુભાવોના વરદ હસ્તે ૪ નવેમ્બરે શિશુવિહાર બુધસભાના સક્રિય સભ્ય શ્રી વર્ષાબહેન જાની, જીજ્ઞાબહેન ત્રિવેદી, હર્ષાબહેન દવે, નેહાબહેન પુરોહિત તથા ઈન્દાબહેન ભટ્ટનું ‘નારી વંદના’ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું. એક જ સંસ્થાની પાંચ વ્યક્તિને નારી શક્તિ અંતર્ગત શહેરનાં ૩૦૦ થી વધુ પ્રબુદ્ધોની ઉપસ્થિતિમાં બિરદાવવાનું ભાવનગર યુનીવર્સિટીનું કાર્ય પ્રેરણાદાયી બની રહે છે...




● શ્રી પ્રકાશભાઇ જોશીના સંકલનતળે “ઝંકાર મ્યુઝીક ગ્રુપ”નો જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો છઠ્ઠો કાર્યક્રમ તા.૫ નવેમ્બરે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. શિયાળાની ગુલાબી ઠંડીને મ્હાણતા ફિલ્મીગીતોના કાર્યક્રમને માણવા ૨૦૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.




● શ્રમિક કુટુંબના સશકત આર્થિક જીવન માટે સીવણ સંચો કલ્પતરુ છે. જ્યાં ઘર હોય ત્યાં સીવણ સંચો હોવો જોઈએ. એવા ઉદેશ્યથી ભારતીય સ્ટેટ બૅંક ભાવનગરની સી.એસ.આર. એકટીવીટી અંતર્ગત શિશુવિહાર સંસ્થા સાથે સંકળાયેલ ૩૦ શ્રમિક બહેનોને કૌશલ્ય વૃદ્ધિ માટે સીવણ સંચા અર્પણ કરવામાં આવ્યા છે...

તારીખ ૭ નવેમ્બર નીલમબાગ મુખ્ય કચેરીમાં યોજાયેલ કાર્યક્રમમાં જી.એમ.શ્રી માતા પ્રસાદ, ડી.જી.એમ.શ્રી અજીત કુમાર તેમજ ચીફ મેનેજર શ્રી જયેશભાઈ વેદની વિશેષ ઉપસ્થિતીમાં શ્રમિક બહેનોને સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું...પ્લાસ્ટિક મુકત ભારતના હેતુને સાધ્ય કરવા ૧,૭૫,૦૦૦ વધુ કપડાની થેલીઓ તૈયાર કરી ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક ઘરોમાં પ્લાસ્ટિક બેગના અટકાવનો સંદેશ પહોંચાડનાર ભાવનગરની બહેનોને મુંબઈથી શ્રી ધીરજલાલ દેસાઈ પરિવાર તરફથી મળતા વેસ્ટ કાપડમાંથી ટીવીના કવર, બેડશીટ, લાલજી મહારાજના વાઘા, કાપડના તોરણ બનાવી પ્રતિવર્ષ ચાર લાખ રૂપિયાનું કામ કરતી બહેનોના પરિવારને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવાનું એસ.બી.આઈ. નું ક્ષેત્રીય કાર્ય સરાહનીય બને છે...

### શિશુવિહારથી લાભાન્વિત સિવણ સંચા પ્રાપ્ત કરનાર શ્રમિક બહેનોના નામ

૧) અલ્ફીસા નીશારભાઈ સૈયદ
૨) માનસી જગદીશભાઈ ડાભી
૩) આરતીબહેન ભૂપતભાઈ બારૈયા
૪) સમીરા અબ્બાસભાઈ શેખ
૫) માહિરા અફજલભાઈ પિંડારા
૬) નબીલા મહેબુબભાઈ શેખ
૭) આમના ઈસ્માઈલભાઈ શેખ
૮) રૂહીના મહેબુબભાઈ શેખ
૯) કલ્પનાબહેન ભરતભાઈ ચૌહાણ
૧૦) રજીયાબહેન અજીતભાઈ ખંભાતી
૧૧) ફલક ઈમરાનભાઈ શેખ
૧૨) અવની અનિલભાઈ બોરીચા
૧૩) દક્ષાબહેન ઠાકરશીભાઈ ડાભી
૧૪) હીરાલી મહાદેવભાઈ સોલંકી
૧૫) રિન્કુબહેન શારદાબહેન મકવાણા
૧૬) પ્રિયાબહેન ચંદુભાઈ વાઘેલા
૧૭) રૂકસાનાબહેન પિરવાણી
૧૮) સુમૈયા રફીકભાઈ બાવનકા
૧૯) હર્ષાબહેન તુલશીભાઈ રાઠોડ
૨૦) નિતાબહેન દિલીપભાઈ ડાભી
૨૧) પ્રગતિ મકવાણા
૨૨) રીઝવાના અજમેરી
૨૩) લક્ષ્મીબહેન ઈશ્વરભાઈ
૨૪) રીટાબહેન ભરતભાઈ મકવાણા
૨૫) હેતલબહેન ગુજરીયા
૨૬) મીનાબહેન પરમાર
૨૭) હર્ષાબહેન મકવાણા
૨૮) ગીતાબહેન ગોહેલ
૨૯) ગીતાબહેન બારૈયા
૩૦) ઉષ્મા ચુડાસમા



● શ્રી ખુશમનભાઈ જોષીના સંકલન થી સૂર-સંગમ કલા સંસ્થાનો 'સપ્તસૂરી સંધ્યા' નો ૭૬મો જૂના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા.૧૮ નવેમ્બરે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. સૂર અને શબ્દોથી યાદગાર બનેલ ફિલ્મીગીતોના કાર્યક્રમને માણવા ૧૫૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.







● નટરાજ કલા સંસ્થાનો ભાવનગરનો લોકપ્રિય સંગીત કાર્યક્રમ 'એક સાંજ આપની સાથે' શ્રી કેતન આવસત્થી પરિકલ્પના આધારિત રહ્યો. શિશુવિહાર રંગમંચ ઉપર પ્રસ્તુત થયેલ ૧૫૨ માં કાર્યક્રમ (તા.૨૬ નવેમ્બર)માં નટરાજ કલા સંસ્થાના કલાકારો ઋષિભાઈ પંડયા, પ્રવીણભાઈ વ્યાસ, ડૉ.વિજય સંપટ, હેતલ આવસત્થીએ હિન્દી ફિલ્મોનાં યાદગાર ગીતોની પ્રસ્તુતિ કરી હતી. શ્રી પિન્કી ભટ્ટ આવસત્થીના રસદર્શનને માણવા ૩૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અભિનંદન


શ્રી વિજય રાજયગુરુ


શ્રી દાન વાઘેલા

શિશુવિહાર બુધસભાના વરિષ્ઠ કવિશ્રી વિજયભાઈ રાજયગુરુ તથા કવિશ્રી દાન વાઘેલા વર્ષ ૨૦૨૪ થી ત્રણ વર્ષ માટે ગુજરાત સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિમાં ચૂંટાઈ આવ્યા છે. બુધસભાનાં માર્ગદર્શક કવિશ્રી વિજયભાઈ રાજયગુરુ એમ.એ.બીએડ (ગુજરાતી) સાથે અભ્યાસ કરી શિક્ષક તરીકે દોશી હાઈસ્કુલ તળાજા તેમજ સિહોર મુની હાઈસ્કૂલમાં સેવાર્થી રહી વર્ષ ૨૦૧૫ માં નિવૃત્ત થયા, તેમના પ્રકાશિત પુસ્તકો 'ચાલ પલળીએ' ગીત સંગ્રહ, 'તું બરફની મીણબત્તી', રૂપેરી વાળ, અવઢવ, વાર્તા - વજીફો ટૂંકી વાર્તા, નિઃસંગ સૂર્ય કા. સં, દુર્ગ ઉભો છે હજી ગઝલ સંગ્રહ જાળીએ અજવાળું કવિતા સંગ્રહ તેમના પુસ્તકો છે. તેમજ શ્રી દાન વાઘેલા એમએ/બીએડ સુધી શિક્ષણ મેળવી ભાવનગર રેલ્વે વિદ્યાલયમાં નિવૃત્ત પ્રધાન આચાર્ય તરીકે નિવૃત્ત થયા છે. આકાશવાણી માન્ય કવિશ્રી દાન વાઘેલા, પશ્ચિમ રેલ્વેનાં મુખ્યાલય દ્વારા શ્રેષ્ઠ પ્રધાનાચાર્ય પદથી સન્માનિત ગુજરાતી ગીતકાર રહ્યા છે.

બુધસભાના વરિષ્ઠ કાર્યકર રહી સંચાલક પણ રહ્યા છે. તેમના પ્રકાશિત પુસ્તકો દ્વિદલ પથિક પરમાર સાથે સધિયારો, ત્રિજ્યા, સુરોર્મિ, સ્વયંભુ, જઠરાગ્નિ, આર્ષમય, વર્ણાગ્નિ-દલિત કાવ્ય, ભરત વિમર્શ શૃભંગા-ગીત સંગ્રહ, પ્રચ્છન્ન-સમિક્ષા, ભીમ કાવ્ય નોંધનીય બને છે. **શિશુવિહાર બુધસભામાં વર્ષ ૧૯૮૦ થી અવિરત કાર્યરત બંને કવિઓની વરણીથી શિશુવિહાર બુધસભા ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે.**

## આરોગ્ય

### ૪૭૪ તથા ૪૭૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ







સ્વ. પુજ્ય માતૃશ્રી ભાગીરથીબહેન મનસુખલાલ આચાર્ય તથા સ્વ.વિદ્યાબહેન સુરેન્દ્રરાય ત્રિવેદીનાં પુણ્ય સ્મરણાર્થે ૪૭૪ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી ભરતભાઇ ત્રિવેદીની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં યોજાય ગયો. તેમજ સ્વ.કાંતિલાલ હરગોવિંદદાસ ગોસળીયાના સ્મરણાર્થે શ્રી જ્યોતિબહેન હર્ષદરાય મહેતાનાં સૌજન્યથી ૪૭૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૪ નવેમ્બરનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. આ પ્રસંગે કેટ્રેકની સર્જરી માટે જનાર દર્દીઓને ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ શ્રી ગીરીશભાઇ વાઘાણી તથા શ્રી ભરતભાઇ ત્રિવેદીના વરદ હસ્તે ગરમ શાલ વિતરણ કરવામાં આવ્યું હતુ.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૫૪ દર્દીઓની આંખ તપાસ ડૉ શ્રી હિરવાબહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન



ભરતભાઇ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાત મંદ ૨૯ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે દર્દીઓના ૧૫ સહાયકો સાથે ખાસ બસમાં વિરનગર લઇ જવામાં આવ્યાં. દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. સંસ્થાકીય આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઇ મકવાણા અને પરિખ ફાઉન્ડેશન(મુંબઇ) દ્વારા મળેલ બસમાં દર્દીઓને વિરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઇ વેગડ અને શિવભદ્રસિંહ રાણાની સેવા નોંધનીય રહી હતી.

**-સંચાલન : રાજુભાઇ મકવાણા**

## નિરમા ઉદ્યોગ દ્વારા કાંઠા વિસ્તારના ૯ ગામોમાં પોષક આહાર યોજનાનો પ્રારંભ



ભાવનગરની જાણીતી સંસ્થા શિશુવિહાર અને આઇ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત ભાવનગરના ભાલ વિસ્તારનાં પછાત ગામ જશવંતપુર, માઢીયા, ગણેશગઢ, ખેતા - ખાટલી, નર્મદ અને કાળા તળાવની ૧૦ આંગણવાડીનાં ૨૫૮ કુપોષિત બાળકોને પોષણયુક્ત 'હૈદરાબાદી મિક્ષ્ચર' આહારના ૧૦૩૨ પેકેટનું વિતરણ નવેમ્બર માસનાં ૪ સપ્તાહમાં કરવામાં આવ્યું.

નિરમા લિમિટેડના આર્થિક સહયોગથી ભાલ પંથકના જરૂરિયાતમંદ બાળકોને સૂપોષિત કરવાના પ્રયત્નના ભાગરૂપે સપ્ટેમ્બર થી નવેમ્બર માસનાં કુલ ૧૦ અઠવાડીયા દરમિયાન કુલ ૧૦,૩૨૦ પોષક આહારના પેકેટ બાળકોને આપવામાં આવેલ.

બાલ આરોગ્ય ક્ષેત્રે નોંધનીય અને અનુકરણીય આ સત્કાર્ય ૨૦૦ દિવસ સુધી શરૂ રહેનાર છે. જે નોંધનીય બને છે.

**-સંકલન : હિનાબહેન ભટ્ટ**

## વાઘ બકરી ટી પ્રોસેસિંગ યુનિટના વર્કરો માટે યોજાયેલ અ)પત્તિ નિવારણ તાલીમ






ભાવનગરની શાળાઓ અને ઉદ્યોગોમાં ૨૪૦થી વધુ તાલીમ શિબિરોનું ૬૦,૦૦૦થી વધુ નાગરિકોને શિશુવિહાર સંસ્થાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ દ્વારા તારીખ ૨૮, ૨૯ નવેમ્બરે ખેડા જિલ્લામાં આવેલ વાઘ બકરી ટી પ્રોસેસિંગ પરમ ફૂડ હાઉસમાં યોજવામાં આવેલ વિભાગના સી.એસ.આર મેનેજરશ્રી અજયભાઈ સિસિલિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ તાલીમ માં ૯૦ શ્રમિકોને આગ અને વર્ક પ્રોસેસ દરમિયાન થતા અકસ્માતમાં કાળજી અને માનવીય સંભાળ વિષયે વિશેષ તાલીમ આપવામાં આવેલ ભાવનગરથી ખાસ તાલીમ માટે પહોંચેલ શિશુવિહાર ટીમના સદસ્ય ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી તથા શ્રી હરીશભાઈ ભટ્ટે પ્રત્યક્ષ તાલીમ થકી આપત્તિ નિવારણ વિષયો સાથે વ્યસન મુક્તિ અનિવાર્યતાની ગંભીરતાથી વાકેફ કર્યા હતા. સમગ્ર સંચાલનમાં ટી પ્રોસેસિંગ હાઉસના સી.એસ.આરના વિભાગીય અધિકારી શ્રી લતાબહેન બ્રહ્મભટ્ટનો સહકાર રહ્યો હતો.

ભાવનગરના સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યાન્વિત સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડિકલ હોસ્પિટલના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં સેવા કેન્દ્રનો પ્રારંભ થયો છે ડૉકટર અભિલાષા સોનપાલ તેમજ તાલીમ વિદ્યાર્થીઓની દેખભાળ વચ્ચે દર્દીઓને સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪.૦૦ થી ૬.૦૦ નિશુલ્ક તપાસ અને દવા આપવામાં આવશે ડૉકટર ગિરીશભાઈ વાઘાણીના માર્ગદર્શનથી પ્રારંભાયેલ સેવાનો હોમિયોપેથી કેન્દ્રનો લાભ લેવા નાગરિકોને નિમંત્રણ છે.



## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ સ્કાઉટ તાલીમ

નવેમ્બર માસ દરમિયાન નિયમિત તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. માસ દરમિયાન ખારોપાઠ, ડમ્બેલ્સ ચોર, સર્કલબોલ પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાયંપ્રાર્થના સમયે વિદ્યાર્થીઓએ સમુહમાં રહી ધૂન, ગીતો અને હર્ષનાદ કર્યા, તેમજ સ્કાઉટ વિદ્યાર્થી શુભમભાઈ પરમાર રવિભાઈ, શુભમભાઈ ગોહેલનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો. સ્કાઉટ માસ્ટર શ્રી હરેશભાઈનો ૭૯ મો જન્મદિવસ સંસ્થા કાર્યકર અને સ્કાઉટ વિદ્યાર્થીની હાજરીમાં ઉજવાયો. શ્રી હરેશભાઈ ભટ્ટ શ્રી હિનાબહેન ભટ્ટ તેમજ શુભમભાઈ પરમારના જન્મદિવસ નિમિત્તે સ્કાઉટને નાસ્તો આપવામાં આવેલ.




દિવાળી વેકેશનના સદ્દઉપયોગ તરીકે તારીખ ૫ થી ૧૧ નવેમ્બર દરમ્યાન સ્કાઉટ કેમ્પનું આયોજન થયું. સ્કાઉટ મેદાનમાં ટેન્ટ છાવણી નાખીને વિદ્યાર્થીઓએ મેપીંગ, એડવેન્ચર એકટીવીટી, વ્હીસલસંજ્ઞા તેમજ જાતે રસોઈ બનાવવાની તાલીમ લીધેલ જેમાં ૪૦ વિદ્યાર્થીઓ જોડાયા હતાં. દિવાળી પ્રસંગે સ્કાઉટ વિદ્યાર્થીઓ માટે તા. ૧૧ નવેમ્બરે રંગોળી સ્પર્ધા યોજાઈ, જેમાં બાળકોએ અલગ પ્રકારે રંગોળી પ્રદર્શિત કરી હતી. શ્રી પ્રીતિબહેન, અશોકભાઈ તેમજ રમેશભાઈએ સ્કાઉટ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. દિવાળીના દિવસે સંસ્થા પ્રાંગણમાં વિદ્યાર્થીઓએ ફટાકડા ફોડી દિવાળીનો તહેવાર માણ્યો હતો. આ પ્રસંગે એકસેલ પરિવારના ઈજનેર શ્રી નાથુભાઈ પ્રજાપતિ દ્વારા શિશુવિહાર ક્રિડાંગણમાં આવતા ગરીબ બાળકોને ફટાકડા અને મીઠાઈ આપવામાં આવેલ. શ્રી વરેણ્યા સહદેવભાઈ ભટ્ટ તથા શ્રી દેવકીબહેન ક્ષિતીજભાઈ ત્રિવેદી તરફથી નવાં વર્ષ પ્રસંગે સ્કાઉટના વિદ્યાર્થીઓને ટીશર્ટ ભેટ આપવામાં આવેલ.

**-સંચાલક : કમલેશભાઈ વેગડ**

## ફિઝિયોથેરાપી તથા ફિટનેસ સેન્ટર :

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ તથા સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબેન હરિયાણીનાં કન્સ્ટલ્ટેશન હેઠળ નવેમ્બર માસમાં ૩૫૨ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૫ ભાઇઓ તથા ૧૦ બહેનો આવ્યા હતા.

**-સંચાલકઃ શ્રી નિશાબહેન બારૈયા**

## વયસ્કો માટે ૩૪૫મી દ્રષ્ટિ ચકાસણી શિબિર :

શ્રી સુધાબહેન કનુભાઇ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી નવેમ્બર માસમાં ૨ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઇ. શ્રી અંકિતાબેન ભટ્ટે Refractometer દ્વારા ૩૩ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

**-સંચાલકઃ શ્રી રાજુભાઇ મકવાણા**

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર :

નવેમ્બર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવારે સાંજના ૪ થી ૬ દરમ્યાન એલોપેથીની સારવારનો લાભ ૨૫૦ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરના નિષ્ણાત ડોકટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી.

**-સંચાલકઃ ડૉ. અરવિંદભાઇ ત્રિવેદી**

## આરોગ્યવર્ધક ઔષધિ પીણું :

શ્રી નિશીથભાઇ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજના ૫-૩૦ થી ૬-૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઇમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૫૫૦ નાગરિકોએ લીધો.

**-સંચાલકઃ શ્રી નરસિંહભાઇ મકવાણા**

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા :

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬-૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. નવેમ્બર માસમાં ક્રમાંક ૧૮૫ થી ૧૮૬ અંતર્ગત વિદ્યાર્થીઓને રંગોળી કેમ બનાવવી તથા રંગોળી સ્પર્ધાની જાણકારી આપવામાં આવી હતી, જેમાં ૮૮ સ્કાઉટે ભાગ લીધો હતો.

**-સંચાલકઃ શ્રી પ્રીતિબેન ભટ્ટ**

# સંસ્કાર, સાહિત્ય પ્રકાશન

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય શિશુવિહાર

નવેમ્બર માસમાં ૩૦ વાચક સભ્યોએ ૧૨૦ પુસ્તકો વાંચ્યાં હતાં. મુલાકાતી સભ્યોની સંખ્યા ૩૦ રહી. શ્રી કિરીટભાઇ કે. શાહે 'આત્મનિર્ભર ભારત, ગાંધી દર્શન,



મારે જાવું સામે પાર, આપણાં બા, મન જીતે તે જીતે'. શ્રી પ્રવીણભાઇ ઠક્કરે 'સફળતા કોઇનો ઈજારો નથી, મારી જાદુઇ શાળા'. શ્રી પ્રીતિબહેન શાહે 'ગોત્ર, મુદ્રા વિજ્ઞાન.' શ્રી લલીતભાઇ શાહે 'ચાલો આપણે વૃદ્ધ થતાં શીખીયે'. ચિત્રકુટ ધામ તરફથી 'રામકથા મોરારીબાપુ'. શ્રી લીના દેસાઇએ 'કથા-ગીતાજન-મંદિર'. તેમજ શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી 'સોમનાથ વર્તમાન' પુસ્તકો ભેટમાં મળેલ છે. સાહિત્ય પ્રેમીઓનો સંસ્થા આભાર માને છે.

**-સંચાલકઃ શ્રી મંગળસિંહ પરમાર**

## બાલદેવ વન :

નવેમ્બર માસ દરમ્યાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવનમાં તથા એકસેલ ક્રોપ કેર પ્રેરીત નોલેજ પાર્કમાં ૧૧૪૬ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. અમરજ્યોતિ સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કુલના ૩૫ બાળકો, શાંતિ જુનિયરના ૨૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતા તમામ બાળકોને સંસ્થા તરફથી 'બાળ આરોગ્ય સૂત્ર' પુસ્તક ભેટ આપવામાં આવેલ.

**-સંચાલકઃ શ્રી હિનાબેન ભટ્ટ**

## ર.વિ. ગોસળિયા ક્રિડાંગણ

ક્રિડાંગણમાં મુકત મને નિજાનંદ માણતા બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા, ઉંચક-નીચક, બેલેન્સી ચાલ, લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખુબ મજા માણે છે. નવેમ્બર માસ દરમ્યાન ૧૦૦૧ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી આનંદ માણેલ.

**-સંચાલકઃ શ્રી હિનાબેન ભટ્ટ**

## જ્યોતિ મંડળ સિવણ વર્ગ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

નવેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૨૨ રહી હતી. ૨૮ નવેમ્બરે શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા કાપડમા બ્લોક પ્રિન્ટીંગની તાલીમ આપવામાં આવેલ. આ પ્રવૃત્તિમાં ૧૫ બહેનો જોડાયા હતા.

**-સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ**

## તાલીમ :

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ નવેમ્બરે યોજાયેલ. જેમાં માસ દરમ્યાનનાં નિયત કાર્યો તથા આયોજીત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

**-સંચાલકઃ પરેશભાઇ પાઠક**

## માંદગી સાધન સહાય :

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. નવેમ્બર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઇ પી. તંબોળી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૮૦

દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી સંજયભાઇ પંડયા તરફથી લોખંડની કમોડચેર ભેટ મળેલ છે. સંસ્થા આભાર વ્યકત કરે છે.

**-સંચાલકઃ અનિલભાઇ જોશી**

### સંગીત વર્ગ :

નવેમ્બર માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

**-સંચાલકઃ શ્રી દેવુભાઇ મહેતા**

### દિવ્ય જીવન :

શિશુવિહાર દિવ્ય જીવનની પ્રાર્થના સભા પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકા પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

**-સંચાલકઃ શ્રી ઈન્દાબહેન ભટ્ટ**



### સ્વરોજગાર :

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૩ શ્રમિક બહેનો દ્વારા નવેમ્બર માસમાં કપડાંની ૫૧૦ થેલી તૈયાર થતાં રૂ.૨૦૪૦ ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેનાં સંસ્થાના પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં રૂ.૯૨,૪૪૫ કાપડની થેલીઓ જરૂરીયાતમંદ કુટુંબો સુધી પહોચાડવામાં આવી છે.

**-સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**

### મનોરંજન :

બાલમંદિર અને શાળા કૉલેજના વિદ્યાર્થીઓ માટે વિવિધ પોશાક સંસ્થાના મનોરંજન વિભાગમાંથી સાંજના ૪-૩૦ થી ૭-૩૦ દરમિયાન મળી શકે છે. નવેમ્બર માસ દરમિયાન ૬ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

**-સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**

## પ્રચાર પ્રસાર




રૂ. ૨૫૦/- પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૩ રહી હતી. નવેમ્બર માસમાં શ્રી કિરીટભાઇ ગોહિલ-ભાવનગર, શ્રી પુષ્કરભાઇ-ભાવનગર, શ્રી પ્રદીપભાઇ ભટ્ટ-ભાવનગર. વાચકોને રૂ.૨૫૦ આપી સંસ્થા સામાયિકના સભ્ય બનવા નિમંત્રણ છે.

**સાભાર સ્વીકાર :** શ્રી કૌશિકભાઇ કોઠારી (કોઇમ્બ્તુર) તરફથી કાપડનાં ૩ પાર્સલ, શ્રી મનિષભાઇ દેસાઇ (મુંબઇ) તરફથી કાપડનાં ૧૦ પાર્સલ, શ્રી ચંદ્રકાન્તભાઇ દક્ષિણી (અમદાવાદ) તરફથી કાપડનાં ૨ પાર્સલ ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર વ્યકત કરે છે.



### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યના વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃતિઓની ઓકટોબર માસમાં ૧૨૦ પ્રેસનોટ પ્રકાશિત થઇ હતી. તથા ૩ ઇલેક્ટ્રોનિક મિડીયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઓકટોબર માસમાં સંસ્થાના ફેસબુકના followers ની ૫.૦k સંખ્યા અને followers ઈન્સ્ટાગ્રામના ૫૮૦ રહી હતી.

**-સંચાલકઃ અનિલભાઇ બોરીચા**



## ● સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય ●

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે.**

**● સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયન દાતાશ્રીઓ ●**

| | | |
|---|---|---|
| રૂા.૧,૨૫,૦૦૦/- | શ્રી બાલકૃષ્ણભાઇ એલ. પટેલ | શૈક્ષણિક સહાય |
| રૂા.૨૫,૦૦૦/- | શ્રી નાનકભાઇ માનભાઇ ભટ્ટ | સર્વાંગી સહાય |
| રૂા.૨૫,૦૦૦/- | શ્રી પ્રીતિબહેન આર. ભટ્ટ | શૈક્ષણિક સહાય |
| રૂા.૨૩,૫૦૦/- | શ્રી સફીભાઇ હાસમભાઇ હમીદાણી | આરોગ્ય સહાય |
| રૂા.૨૦,૦૦૦/- | શ્રી હર્ષેન્દુભાઇ બી. દેસાઇ | નેત્રયજ્ઞ સહાય |
| રૂા.૨૦,૦૦૦/- | શ્રી રજનીકાંત બી. ગોહિલ | બાલ પુસ્તકાલય સહાય |
| રૂા.૧૧,૦૦૦/- | શ્રી મનીષભાઇ એન. વકીલ | નાગરિક સન્માન સહાય |
| રૂા.૧૦,૦૦૦/- | શ્રી નાથુભાઇ પજાપતિ | પોષક આહાર સહાય |
| રૂા.૫,૦૦૦/- | શ્રી ભાવનાબેન જાગ્રતભાઇ ભટ્ટ | સર્વાંગી સહાય |
| રૂા.૫,૦૦૦/- | શ્રી સુધાબેન કનુભાઇ શાહ | દ્રષ્ટિ ચકાચણી સહાય |
| રૂા.૫,૦૦૦/- | શ્રી હસમુખભાઇ મુળજીભાઇ ગાંધી | પોષક આહાર સહાય |
| રૂા.૩,૦૦૦/- | શ્રી નિરવભાઇ શાહ | શૈક્ષણિક સહાય |

### બુધસભા :

૧૯૮૦થી અવિરતપણે ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૨૫૯મી બેઠક તારીખ ૧લી નવેમ્બરે સાંજે ડૉ.માનસી ત્રિવેદીના સંચાલન હેઠળ યોજાઇ. જાણીતા કવિશ્રી જયેશ ભટ્ટે કવિશ્રી અમૃત ઘાયલની ગઝલનો આસ્વાદ બંધારણના આધારે પોતાની આગવી શૈલીમાં થયો. સાથોસાથ સરદાર પટેલ જયંતિ અંતર્ગત લોહપુરૂષ વિષય પરની રચના કવિશ્રીઓએ રજુ કરી. બુધસભાની બીજી બેઠક શ્રી અંજના ગોસ્વામીનાં






સંચાલન હેઠળ મળી. અવસર અભિવ્યકિત અંતર્ગત દિવાળી અને નવા વર્ષને વધાવતી કવિતાઓ રજુ થઇ હતી. ૪૦ કવિઓ હાજર રહ્યા હતા. પાર્થભાઇ રાઠોડ, દિવ્યા મોઢ, ક્રિઝા મોણપરા દ્વારા લિખિત ‘સામર્થ્યવાન’ પુસ્તકનું વિમોચન મહાનુભાવોના વરદહસ્તે કરવામાં આવ્યું. કવયિત્રી શ્રી મોનાબેન દ્વારા આ પુસ્તક વિશે પ્રકાશ પાડવામાં આવ્યો. બુધસભામાં ઉપસ્થિત મિત્રોએ પુસ્તકને ઉમળકાભેર વધાવી લીધું હતું. બુધસભાની ત્રીજી બેઠક જિજ્ઞા ત્રિવેદીના સંચાલનમાં યોજાઇ હતી. બુધસભાની પરંપરા મુજબ પ્રતિ માસ ત્રીજા બુધવાર અંતર્ગત કવિઓનો કાવ્ય પાઠ ઉપરાંત સર્જનની પૂર્વ ક્ષણોમાં અંતર્ગત બુધસભાના વરિષ્ઠ કવિ શ્રી નટુભાઇ પંડયા સાથે પ્રશ્નોત્તરી રૂપે સંવાદ યોજાયો હતો, કાવ્ય સર્જનમાં સ્કુરણા અને કવિ પ્રતિભા-એમ બંન્નેનું મહત્વ સ્પષ્ટ કરતા નવોદિત કવિઓ માટે પ્રેરણાત્મક સંદેશથી રસપ્રદ વાતો કરી હતી. આ વિશેષ ઉપક્રમમાં ૨૦ જેટલા કવિઓ, સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા. બુધસભાની ચોથી બેઠક શ્રી લાલજીભાઇ બાંભણિયાના સંચાલન હેઠઇ મળી જેમા ૩૫ જેટલા કવિ મિત્રો અને ભાવકો હાજર રહ્યાં હતા. કવિ વિશેષ ઉપક્રમે કવિ સૈફ પાલનપુરીની ગઝલો વિશે રસપ્રદ વાર્તાલાપ થયો.

બુધસભાની ૨૨૬૩મી બેઠક શ્રી દર્શના રાવલના સંચાલનમાં મુશાયરા સ્વરૂપે મળી હતી. મુશાયરામાં ૨૦૨૩ના વર્ષ દરમિયાન સન્માન/એવોર્ડ/સિદ્ધિ પ્રાપ્ત કવયિત્રીઓએ રજૂઆત કરી હતી, જેમાં અંજના ગોસ્વામી, જિજ્ઞા ત્રિવેદી, માનસી ત્રિવેદી, વર્ષા જાની, હર્ષા દવે, સુચિતા કપૂર અને નેહા પુરોહિત પ્રસ્તુત થયાં હતાં. મુશાયરાની ‘સ્ત્રી અને શણગાર’ થીમ ઉપર રજૂઆત થઇ. ૪૫ જેટલા રસજ્ઞ શ્રોતાઓ ઉપસ્તિ રહ્યાં હતાં. દર્શના રાવલ દ્વારા મોં મીઠું કરાવ્યા બાદ બુધસભાને વિરામ આપવામાં આવ્યો હતો.



## શુભેચ્છકો લખે છે

### ● શ્રી કુલીનભાઇ લુઠીયા (અધ્યક્ષ માનવજયોત-મુંબઇ)

આપશ્રી આપના વડીલોના વિશેષતઃ પુ.માનભાઇ ભટ્ટના સંસ્કારોના ખરા વારસદાર છો. તેમના બધાય સદગુણોને સ્વીકારી તેમનો ગુણાકાર કરી, આપશ્રી સમાજને નવો રાહ દેખાડી મદદરૂપ બની રહ્યા છો, સાથ અને સહકાર આપી રહ્યા છો તે અત્યંત અભિનંદન અને સરાહનીય છે. જ્ઞાનદાન સાથે અત્યંત મહત્વનું સમયદાન આપી, દાતાઓ પાસેથી લક્ષ્મી મેળવી, તેને મહાલક્ષ્મી બનાવી, તેમની મુશ્કેલીના ટાણે મદદરૂપ બની તેમને સાંત્વના આપો છો, સહાયભૂત થાઓ છો તે માટે અમારી પાસે શબ્દો ખૂટે છે. આપશ્રીનું જ્ઞાનદાન, આપશ્રી સમાજને વિવિધ સામયિકોમા, અખબારોમાં અને પુસ્તકોમાં લેખો દ્વારા પીરસી જાગૃત કરી રહ્યા છો, સારા સંસ્કારો રેડવાની કોશિષ કરો છો તે કાબિલે તારીફ છે. પરમાત્મા આપની પડખે સદાય ઉભા રહી આપશ્રીને તેમના માટે કંઇક કરી છુટવાની ભાવનાને જોશ ભરતો રહે અને આપશ્રી સમસ્ત સમાજને બધીય રીતે ઉપયોગી થાઓ છો, મદદરૂપ થાઓ છો તે માટે શુભેચ્છા અને હાર્દિક અભિનંદન. નવા સંકલ્પો, કરી હજુય વધારે સમાજને મદદરૂપ બનો તેવી અભિલાષા સાથેની પ્રભુ પ્રાર્થના.

### ● શ્રી અનિલભાઇ પંડયા (ભાવનગર)

મુ.માનદાદાએ વૃદ્ધાશ્રમની સ્થાપના અને તેની યોગ્ય પ્રગતિ કરી ઉચિત વ્યવસ્થાપકોને એ સોંપી દીધું.એ રીતે રકતદાન, દેહદાન ને ચક્ષુદાન જેવી બહુમૂલ્ય પ્રવૃત્તિને પાયાના કાર્યકર તરીકે વિકસાવીને શ્રદ્ધા સાથે બ્લડબેંકને સુપ્રત કરી દીધી. તેમણે શિશુવિહારને ખરા અર્થમાં શિશુઓનાં વિહાર માટે સ્વર્ગે સમાન પરિસર બનાવ્યું. અરે, બાળકોની આરોગ્ય વિષયક બાબતો જેમકે તેમનાં નખ કાપી દેવાં. આરોગ્યની વાત કરવી તેઓ સ્વહસ્તે સહજ ભાવે કરતાં રહ્યાં. વિશેષ રૂપે કહેવું પડે, કે પૂ.શંકરાચાર્યના માતૃશ્રીને અગ્નિદાહ ઘર આંગણે પવિત્ર ભૂમિએ અપાયો. તે પ્રેરક ભૂમિકાએ તેમનાં પાર્થિવદેહને પણ એમની કર્મભૂમિ શિશુવિહારમાં અગ્નિદાહ અપાયો. સેવાભૂમિ અને પવિત્ર અશ્મિનો કેવો પવિત્ર અનુબંધ થયો તેમાં તેમના વારસની દીર્ઘદ્રષ્ટિ અનુભવી છે.સહજ અને વ્યવહારું પરંપરાઓ ઉભી કરીને સેવા ભેખધારીએ સમાજ કલ્યાણ માર્ગને વિશેષ ઉજજવળ બનાવ્યો છે.....

### ● શ્રી રજનીભાઇ ગોહિલ (અમેરિકા)

હું જે અનુદાન આપવામાં સહભાગી થયો છું તે બદલ શિશુવિહાર અને રમેશભાઇ તન્નાનો આભાર માનું છું.આ અનુદાનમાં હું એકભાગ જ છું. મિત્રો અને કુટુંબીજનો પાસેથી આર્થિક સહાય મળેલી છે. અનુદાનને કાયમ માટે ગુપ્ત જ રાખવાનું હોય છે. તેમ હું દ્રઢપણે માનું છું કે આપણે આપણી પાસે આવેલી લક્ષ્મીના ટ્રસ્ટી છીએ.

નારાયણ ભગવાન એના માલિક છે. પુસ્તકો કે બીજે કયાંય જાહેરમાં મારું નામ ન મુકવા વિનંતી.

● **અધ્યાપક.ડૉકટર રાધેકાંત દવે (કોર્નલ યુનિવર્સીટી,ઈથાકા ન્યુયોર્ક)**

ભાવનગરની જાણીતી સંસ્થા શિશુવિહારના સેક્રેટરી અને સંચાલક ડૉ.નાનકભાઈ ભટ્ટના વિવિધ વિષયો ઉપરનાં ટૂંકા પણ સુંદર મુદ્દાસર લખાણો વાંચતાં વિવિધ વિષયો ઉપર તેમનું વાંચન, ચિંતન અને તેમની પકડ જોઈને ઘણો આનંદ થાય છે. ખરા અભ્યાસી છે. સામાન્ય વાંચકવર્ગને આવા વિષયો ઉપરનાં પરિચયાત્મક લેખોની જે જરૂરત છે તે નાનકભાઈ સરસ રીતે સરળ ભાષામાં પૂરી પાડે છે. તેમને મારા હાર્દિક અભિનંદન અને ભાવિ માટેની શુભેચ્છાઓ.

● **મંત્રી રેડક્રોસ (ભાવનગર)**

વર્ષ ૧૯૬૮ થી માનભાઈ ભટ્ટ દ્વારા શિશુવિહારના માધ્યમથી દેહદાન શરૂ કરવામાં આવેલ. આ સેવાઓ ૧૯૯૫ થી રેડક્રોસ ભાવનગરને સોંપવામાં આવી. છેલ્લા ૨૯ વર્ષથી રેડક્રોસ દ્વારા આ સેવાઓ અવિરત રહી છે. આ સેવાના પ્રારંભે માનભાઈ સાથે અને ત્યારબાદ રેડક્રોસના માધ્યમથી ભાવનગરના સેવાભાવી તબીબો જોડાયેલા રહ્યા જેમા સ્વ.પ્રતાપભાઈ શાહ, ડૉ.ભરતભાઈ ભીમાણી, ડૉ.એમ.જી.દેસાઈ, પ્રકાશભાઈ ભટ્ટ, ગીરીશભાઈ શાહ, સહીત સૌએ પોતાની સેવાઓ આપી છે. રેડક્રોસ ભાવનગર દ્વારા આજે ૧૦૦૦મું દેહદાન લીધેલ છે ત્યારે આજથી એક માસ સુધી ૮ ડીસેમ્બર ૨૦૨૩ સુધી જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે જેમાં દેહદાતાઓને શ્રદ્ધાંજલિ આપવા સહિતનાં વિવિધ વિસ્તારમાં સંકલ્પપત્રો ભરવાના કાર્યક્રમો, રેલી, પત્રિકા વિતરણ સહીત ના આયોજનો કરવામાં આવશે અને ૧૦૦૦ જેટલા ઘરે રૂબરૂ જઈને રકતદાન, ચક્ષુદાન, દેહદાન અને અંગદાન માટે માહિતી આપીને સંકલ્પ કરાવવામાં આવશે અને ઉપરાંત પ્રદર્શન, અને સંમેલનનું આયોજન પણ અલગ અલગ સ્થળે કરવામાં આવશે.

● **શ્રી જયેશભાઈ દવે (નિવાસી તંત્રી સૌરાષ્ટ્ર આસપાસ, ભાવનગર)**

.....અને હા, જે કરીએ છે તે શ્રેષ્ઠ કરીએ. કામ નાનું હોય કે મોટું, માત્ર તમને સ્પર્શતું હોય કે વિશાળ સમુહને અને આખરે પરિણામ ઉચિત મળે કે ન મળે પરંતુ તમને તમારું શ્રેષ્ઠ કાર્ય કર્યાનો જે સંતોષ અને આનંદ મળશે તે પરિણામ કરતાં વિશેષ હશે. જ્યાંથી અક્ષરજ્ઞાન મળ્યું, સમજ મળી તે માતૃ સંસ્થા શિશુવિહારનાં સ્થાપના દિવસ પ્રસંગે યોજાતા સ્નેહમિલન અને વિક્રમ સંવતના પ્રારંભે, સહુને શુભેચ્છાઓ. ચાલો, નુતન વર્ષમાં જૂનાં સપનાઓમાંથી બે-ચારને સાકાર કરવા પ્રયત્ન કરીએ, શ્રેષ્ઠ કોશિશ કર્યાનો આનંદ ઝોળીમાં ભરી લઈએ.



● **શ્રી કુસુમબેન દવે (ઈથાકા-ન્યુયોર્ક)**

આપણા શિશુવિહાર પરિવારને દિવાળીની ખુબ શુભેચ્છાઓ અને નવું વરસ સુખ, શાંતિ અને તંદુરસ્તી આપે એ જ પ્રાર્થના. તમારાં બધાનાં સાથ સહકારથી શિશુવિહારની દરેક પ્રવૃત્તિ વધુ સમાજ ઉપયોગી બની રહે અને આપણી સંસ્થાની અખંડ જ્યોત વધુ પ્રકાશમય બની રહે એ જ પ્રાર્થના. ફરી એકવાર તમને અને તમારા પરિવારને પણ શુભ દિપાવલી અને નુતન વર્ષાભિનંદન.

● **નાઝીરભાઈ સવંત (સાહિત્યકાર : ભાવનગર)**

શિશુવિહારના પરિવાર જન ગણીને સ્નેહમિલનમાં સ્થાન આપવા બદલ ઋણ સ્વીકાર. અલબત્ત શિશુવિહાર સદાયે મારામાં જોડાયેલું રહ્યું છે તેમ છતાં આટલા વિશાળ પરિવારમાં મને નિમંત્રિત કર્યો એને મારું બહુ મોટું સન્માન ગણું છું. સંસ્થાને ખૂબ ખૂબ શુભકામનાઓ.

● **શ્રી યશવંતરાય પડીયા (પી.જી.વી.સી.એલ. - શિહોર)**

શિશુવિહાર સંસ્થામાં ટ્રસ્ટી અનિલભાઈ શ્રીધરાણી સાહેબનું પુસ્તક મળ્યું, આભાર. શિશુવિહાર સંસ્થા ડૉ.રાહુલભાઈ તથા સંપાદક શ્રી નટવરભાઈ આહલપરા તથા સમગ્ર પરિવાર જેના સૌજન્યથી આ અમૂલ્ય ભેટ પ્રાપ્ત થયેલ છે. એક આદર્શવાદી વકીલ જે અસિલની સાચી ખેવના રાખતા ફીની પરવા કર્યા વગર સલાહ આપતા તેમજ બાકી હોય તો પણ મુંજાવા દેતા નહીં, ધરપત આપતા સહાય કરતા અસિલમાં ભગવાનના દર્શન કરતા એટલી ઉચ્ચતમ ભાવના લાગણી સભર વ્યક્તિત્વ હતું.

● **પ્રો. ભૂપતાણી (કવીશ્રી : બુધસભા)**

માનભાઈ ભટ્ટ એક અજોડ નામ હતું
ભાવનગરની આશાનું ઉપનામ હતું
સેવાનું જીવંત ધામ હતું.
સાદગીનું સંગીત હતું
કહોને ઉછળતો ગર્જતો
દરિદ્રનારાયણનો મહાસાગર હતા
જોનારનું અજોડ આકર્ષણ હતા
શ્રમનું લોઢું હતા
હૃદયે દયાનું ઝરણું હતા
ભાવનગરની સંસ્કૃતિના મુગટ હતા
માનવતાની જ્યોતનો પ્રકાશ હતા
માનવ સેવાની પ્રચંડતા
સાદગીથી છલકાતી દિવ્યતા
જાગૃતિની જ્યોત જગાવતી ભવ્યતા
આશ્રમ સહજ શિશુવિહારની અજોડતા હતા
સેવાનું મહાકાવ્ય હતા
શિશુવિહારના ઋષિ હતા.
ભાવનગરની અસ્મિતાના માણેક હતા
એક અદ્ભુત ઈન્સાન હતા...

● **ડૉ.એમ.જી.દેસાઈ (પૂર્વમંત્રી રેડક્રોસ, ભાવનગર)**

ડૉ.નિર્મળભાઈની સ્મૃતિમાં વૃદ્ધજન સન્માન સમારોહનું શિશુવિહાર દ્વારા આયોજન કરવામાં આવ્યું તે માટે અભિનંદન. નિર્મળભાઈ મારા અંગત મિત્ર, વડીલ, સ્નેહી, અને શિશુવિહારના આજીવન પ્રમુખ. વૃદ્ધજન સમારોહને મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. એક સેવાભાવી, સરળ, આત્મીય, નિસ્પૃહી વ્યક્તિ એવા નિર્મળભાઈની સ્મૃતિમાં સમારોહ યોજાય છે તેનો આનંદ છે. શુભેચ્છા સહ,

● સેવા મંડળ મેઘરજ - મેઘરજ, બાવીશી આઈ હોસ્પિટલ-ભાવનગર, સૌરાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ-ભાવનગર, ભાવનગર મહાનગરપાલિકા - મેયરશ્રી ભરતભાઈ બારડ, શ્રીમતી આર.એમ.ઝવેરી, લોક વિદ્યામંદિર - થોરડી, શ્રી કસ્તુરબા ઉ.બુ. વિદ્યાલય-મોટી પાણીયાળી જે. રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ - જામનગર, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા - ભાવનગર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ-ગાંધીનગર, સંસ્થા દાતાશ્રી સુનિલભાઈ વડોદરીયા - ભાવનગર.

શિશુવિહાર સંસ્થાના ૮૫માં સ્થાપના દિન તેમજ નૂતનવર્ષ પ્રસંગે અમારી શુભકામનાઓ... સંસ્થા દ્વારા અનેકવિધ સેવાકાર્ય થકી ભાવનગરના લાખો લોકોનું જતન થાય છે તે આનંદદાય અને પ્રેરણાદાયી છે.



## સ્વરાજ્યની શાળા શિશુવિહાર

### વર્ષ-૧૯૯૫ પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ, ભાગ-૨)




● **માર્ચઃ** રક્તપિત્ત (લેપ્રસી) ના દરદીઓના આંખના રોગોની સારવાર માટે ભાવનગરની એમ.પી.શાહ લેપ્રસી હોસ્પિટલમાં નેત્રનિદાન કેમ્પ રાખવામાં આવેલ. કેમ્પની શરૂઆત આંખો બતાવવા આવેલાં દરદી ભાઈબહેનોની સમૂહ પ્રાર્થનાથી થઈ. દરદીઓને તપાસવા માટે શહેરના સુપ્રસિદ્ધ આઇ સર્જનો ડૉ.પી.સી.ગાંધી અને ડૉ.માલવિયા આવ્યા હતા. નિદાન કેમ્પની વ્યવસ્થા એમ.પી.શાહ લેપ્રસી હોસ્પિટલની સેવાભાવી ખ્રિસ્તી મીશન 'નવજીવન સોસાયટી'ની સીસ્ટરોએ તથા કર્મચારીઓએ સંભાળી હતી. ૮૫ જેટલાં દરદીઓને તપાસવામાં આવ્યા. તમામ દરદીઓને જરૂરી દવાઓ આપવામાં આવી. ૩૦ દરદીઓને ચશ્માંના નંબર કઢાવીને ચશ્માં આપવાની જરૂર હતી તે બધાંને લેપ્રસી હોસ્પિટમાં જ આંખના નિષ્ણાત પાસે નંબર કઢાવીને દરેકને નંબર મુજબ ચશ્માં આપ્યાં. ● તા ૧૦ થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન રાજકોટ મુકામે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઇડ સંઘ દ્વારા ૧૯મી રાજ્ય રેલી યોજાયેલ જેમાં ભાવનગર જિલ્લાનાં ૧૧ સ્કાઉટ અને ૮ ગાઇડ તથા ૨ લીડરને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાંના ૫-સ્કાઉટ, ૧-ગાઇડ તથા ૧ લીડર શિશુવિહાર ઓપન ટ્રુપમાંથી પસંદ કરવામાં આવેલ. આ સ્કાઉટગાઇડે પાયોનીયરીંગમાં સ્કાઉટ-ગાઇડ બંને વિભાગમાં બી ગ્રેડ પ્રાપ્ત કરેલ. જ્યારે હસ્તઉદ્યોગમાં ગાઇડ વિભાગમાં સી ગ્રેડ પ્રાપ્ત કરેલ. આ ઉપરાંત અન્ય સ્પર્ધાઓમાં પણ બધા જ સ્કાઉટ-ગાઇડનો ઉત્કૃષ્ટ દેખાવ રહેલ.



● શિશુવિહારનું કાવ્ય : રાજકોટની સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના એક કર્મચારી શ્રી કિશોરભાઇને શિશુવિહારનું કાવ્ય સ્ફૂરી ગયું. તેમાં શિશુવિહારના સ્થાપક શ્રી માનભાઇનું નામ તેણે દરેક લીટીના પહેલા અક્ષરમાં વણી લીધું છે.

"માનવધર્મને સમજી, સાચી કર્મભૂમિ બનાવી. ભાવનગરમાં વટવૃક્ષ થયું ને ખીલી ડાળી ડાળી,
નગર ભાવનગરમાં શિશુવિહાર સંસ્થા સર્જાવી. ઈમ શિશુવિહારનો છે, દે બાલમંદિરની તાળી !"

● **એપ્રિલઃ** સ્વ.સૂર્યદિવી રાણાનાં સ્મરણાર્થે શ્રી મનુભા વખતસિંહજી રાણા ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શિશુવિહારમાં નિષ્કામ જનસેવાનો ૪૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાયો. ● ઘણાં વરસો પહેલા શ્રી હિંમતસિંહ ભાવનગર આવીને શિશુવિહારની રંગભૂમિ ઉપર પોતાની આગવી નૃત્યકલાના દર્શન કરાવી ગયા હતા, ત્યારથી એ શિશુવિહારના સ્વજન બન્યા હતા. વળી તેઓ ભાવનગરમાં કલાક્ષેત્ર દ્વારા નૃત્યકલાનું શિક્ષણ આપી રહેલ કલાગુરુ શ્રી ધરમશીભાઇના ગુરુભાઈ થાય. દક્ષિણમાં આ બંને એક જ ગુરુ પાસે વિદ્યા ભણેલા. ભાવનગર સાથેના આવા આત્મીય સંબંધનો લાભ લઈને તેઓને ભાવનગર આવવાનું આમંત્રણ શિશુવિહારે આપ્યું યશવંતરાય નાટ્યગૃહમાં તા.૧૯ ના રોજ સવારે નૃત્યકલાનો સુંદર કાર્યક્રમ થયો આ પ્રસંગે શ્રી ધરમશીભાઇના કલાક્ષેત્રના વિદ્યાર્થીઓએ પણ નૃત્યકલાનો આસ્વાદ કરાવ્યો હતો.

● **મેઃ** શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદીનું સન્માન : મોટા માણસો નાનકડું સન્માન સ્વીકારે એ તેની મોટાઈ અને નમ્રતા છે. શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદીને કવિ શ્રી નાથાલાલ દવે પારિતોષિક અર્પણ કરવાનો સમારંભ શિશુવિહારને આંગણે શનિવાર તા.૩ ના રોજ સાંજના ૬ વાગે યોજાયો હતો. ● શિશુવિહારના પટાંગણમાં ભાવનગર જિલ્લા સ્કાઉટ-ગાઇડ સંઘ દ્વારા ૨૩મી જિલ્લા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિશુવિહાર ઓપન ટ્રુપના ૧૮ સ્કાઉટ તથા ૪ ગાઇડે ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. જિલ્લા રેલીમાં એડવેન્ચર એક્ટીવીટીઝ, મિત્રતા રમત તથા દળ-વ્યાયામ સ્પર્ધા, કેમ્પ ફાયર સ્પર્ધા, હસ્ત ઉદ્યોગ સ્પર્ધા, તંબુ સજાવટ સ્પર્ધાઓ રાખવામાં આવેલ. દળ-વ્યાયામ સ્પર્ધામાં શિશુવિહાર ઓપન ગ્રુપે પ્રથમ નંબર પ્રાપ્ત કરી શિલ્ડ મેળવેલ તથા 'વેસ્ટમાંથી બેસ્ટ'નો સુંદર નમૂનો બનાવી પ્રથમ ક્રમ મેળવેલ. ભાવનગર શહેર સ્કાઉટ વિભાગમાં પણ ઉજ્જવળ દેખાવ કરીને ઓપન ટ્રુપે શિલ્ડ મેળવેલ. આખા યે જિલ્લામાં સ્કાઉટ-ગાઇડે શહેર વિભાગના સર્વ શ્રેષ્ઠ દેખાવ બદલ શ્રી કૃષ્ણકુમારસિંહજી વિજય પદ્મશિલ્ડ શિશુવિહારે મેળવેલ છે.

● **જુનઃ** શ્રેષ્ઠ નાગરિક અને ઉત્તમ શિક્ષક સન્માન : શિશુવિહારની સુવર્ણજયંતી નિમિત્તે ભાવનગરના વતની, સક્રિય થીઓસોફીસ્ટ શ્રી હરિભાઈ એન. ચૌહાણે તેઓના પિતા સ્વ.નારણભાઈ ચૌહાણના સ્મરણાર્થે દર વરસે ભાવનગરના શ્રેષ્ઠ નાગરિકનું તથા ઉત્તમ શિક્ષકનું સન્માન કરીને, તેને પારિતોષિક આપવાનો સમારંભ યોજવા, સંસ્થાને આર્થિક સહાય કરેલ છે. શ્રેષ્ઠ નાગરિકના સન્માન માટે આ વરસે આદર્શ ખેડૂત અને ખેતીવાડીના નિષ્ણાંત, શ્રી વિઠ્ઠલભાઈ જે. પટેલની પસંદગી કરવામાં આવી હતી. તેઓ ગામડાના શિક્ષક માતાપિતા પૂજ્ય દિવાળીબા તથા જીવરાજભાઈના સુપુત્ર

છે. દેશમાં અને દુનિયામાં ખેતી વિજ્ઞાનના પ્રયોગો માટે ખૂબ જાણીતા થયેલા ખોડિયારના સુરેન્દ્રબાગના વનમાળી જેવા માળી છે. શ્રી વિઠ્ઠલભાઈએ દેશપરદેશમાં ભણીને સીવીલ એન્જિનિઅરીંગની ડીગ્રી મેળવેલ છે. પરંતુ માતાપિતાના સ્વદેશી ભાવનાના સંસ્કારોને કારણે પરદેશમાં મળેલી મોટી નોકરી છોડીને વતનમાં આવીને રહ્યા અને નિવૃત્ત માતાપિતાના ખેતીનાં કામમાં ઉત્તમ ખેડૂત બન્યા. ખેતીવાડીના પ્રયોગોમાં પ્રાણ પૂર્યા. ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ખેતીવાડીમાં આગળ રહીને રણને પણ નંદનવન બનાવનાર ઈઝરાઈલ દેશે પણ શ્રી વિઠ્ઠલભાઈના ખેતીના પ્રયોગોની સરાહના કરી છે. આવા કૃષિ વિજ્ઞાનનું પ્રથમ ચરણે સન્માન થયુ છે જે ગૌરવપ્રદ છે.

## જરૂર વાંચો

● **જુલાઈઃ** લોકશિક્ષણના સ્વાનુભવો : ૬૦ વર્ષ પહેલાની વાત છે. મારે ત્યાં બાળકનો જન્મ થયો. એટલે હોંશમાં એને માટે જૂની બાબાગાડી લાવ્યો. સાંજે કામેથી આવીને તેને લઈને રસ્તા ઉપર ફેરવું, પણ જરા હાલતો-ચાલતો થયો એટલે પ્રવૃત્તિ બદલાઈ. બાબાગાડી નકામી થઈ. શું કરવું ? ગાડી ઉપર એક પાટ મૂકી. તે વખતે ગિજુભાઈએ બાળકો માટેનાં ઢગલાબંધ પુસ્તકો પ્રગટ કરેલા, તે ખરીદ્યા અને સાંજના શહેરની શેરીઓમાં, વોર્ડવાર ફરવા માંડયો. ટોકરો વગાડું, આસપાસના નાનાં-મોટાં આવે. પૂરા પૈસા આપી ચોપડી લઈ જાય. મોંઘામાં મોંઘી ૧૦ પૈસાની ચોપડી, બીજે અઠવાડિયે પાછો તે શેરીમાં જાઉં. એટલે ચોપડી પાછી, પૈસા પૂરા પાછા. બે વરસ ફર્યો. એક પણ ચોપડી ઓછી નથી થઈ. વળી કોઈએ કહ્યું કે, છાપાનો પ્રચાર કરવો જરૂરી છે. ગરીબ લત્તાઓમાં છાપું લઈને જવાનું, વીજળીના જાહેર થાંભલા નીચે જોરથી બધાં હેડિંગ વાંચવા. કોઈક વિગત પૂરી વાંચું. સૌને મનમાં થાય કે આ છાપામાં આવું, આટલું બધું આવતું હશે? ભાવનગરનો તે વખતનો વિસ્તાર નાનો, એક લાખની વસ્તી હશે. આજે મજૂરો, રેંકડી-લારીવાળા મજૂર પણ છાપું વાંચતા થયા.

વળી નવું તૂત ઊપડયું, ''શ્યામ ચી આઈ'' (લેખક સાને ગુરૂજી) ૧૦૦ થી વધુ વખત રાત્રે શેરીઓમાં વાચ્યું. નાનાભાઈનાં મહાભારતના અને રામાયણનાં પાત્રો અનેક સ્થળે વાંચ્યા. પહેલાં ચોક પસંદ કરવો, રાત્રે આઠ વાગ્યે કોથળો લઈને જવું. એકાદ ગીત જોરથી ગાવાનું, એમાં કોઈ તાલમેળની જરૂર નહીં. થોડાં છોકરાં એકઠાં થાય. તુરત જ પુસ્તકનું વાંચન શરૂ. ૪૫ મિનિટ થાય એટલે વાંચન બંધ, કોથળો ખંભે નાંખીને ચાલ્યા જવાનું ! બેચાર દિવસ પછી તો, મારા સમય પહેલા ત્યાં કોથળા ઉપર એક ચાકળો પણ હોય ! સો જેટલાં નાનાં મોટાં એકઠાં થાય. ભાવનગરના વોર્ડનો કોઈ ચોક બાકી નથી. એચ દાયકો ગયો... સંસ્થાની પ્રવૃતિઓ વધી. પત્રિકાઓ તો ઢગલાબંધ છપાણી. ઘેરથી કયાંક તો જવાનું હોય જ, ત્યારે સાયકલ પરથી વહેંચતા જવાની. આ ૧૯૯૪ ઓકટોબર સુધી ચાલ્યું. હવે આંખો નબળી પડી, સાયકલ બંધ પડી. પ્રભુ ઈચ્છા ! પણ એકલી પત્રિકાઓ જ નહીં, ઢગલાબંધ સામયિકો લોકો આપી જાય. એટલે ભાવનગરની પાંચ લાખની વસ્તીવાળા શહેરમાં ખૂણે ખાંચરે કોઇ હજામની દુકાન એવી બાકી નથી કે જ્યાં ટપાલીની જેમ જૂનાં માસિકો ફેંકયાં ન હોય! હું હજામત કરાવું છું. તમે આવ્યા. નવરા શું કરો? ગમે તેવાં કચરો છાપાં પડયાં હોય તે વાંચવાના, જોવાના. ત્યારે આવા સારાં



સામયિકો શું કામ ન જુઓ? તેનો સમય જાય, સમામજમાં સારા વિચારોનું વાવેતર થાય. એવું જ તમામ રિક્ષાવાળાઓ માટે પણ. ચાલતી રિક્ષાએ તેમાં માસિક નાખી દેવાનું, પરિણામે સામેથી મને આવતો જુએ એટલે રિક્ષા ધીમી કરીને હાથ લાંબો કરી કંઈક સાહિત્ય માગે, અને હોસ્પિટલમાં ખાટલે વાંચતાં આવડે કે ન આવડે પણ ટપાલની જેમ નાખ્યે જવાનું. કોઈ પૂછે કે, આનું શું કરવું? વાંચતાં આવડતું નથી. હું કહું : બીજાને આપજે અને ઢગલાબંધ સાહિત્યનો ઉપયોગ આમ થાય છે. આ કરવામાં એક ઉમદા વાવણીનું કામ થાય છે. જેણે કર્યુ હોય તેને ખબર પડે !... **(માનભાઈ ભટ્ટ)**

● **ઓગસ્ટઃ** આજે ૫૦ વારનો પ્લોટ મેળવવો મુશ્કેલ છે ત્યારે શિશુવિહારને ભાવનગરના ઉદારદિલ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ આપેલ વિશાળ પ્લોટની વાત 'ભાવનગર રાજ્યની ગૌરવ-ગાથા' નામનાં પુસ્તકમાં નીચે મુજબ લખેલ છે : શિશુવિહારની જમીન મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ સંસ્થાને કેવી રીતે આપી તે જાણવું ઘણું જરૂરી અને રસપ્રદ છે. કૃષ્ણનગરનો વિકાસ થઇ રહ્યો હતો ત્યારે જમનાકુંડની ખરાબાવાળી જગ્યા પાસે એક મોટો ખાડો હતો. ત્યાં ખૂબ ગંદકી થતી હતી. કૃષ્ણનગરની યોજનામાં આ જગ્યાનો સમાવેશ નહોતો થતો. આ જગ્યા ઉપર માનભાઈએ તથા તેના શ્રમજીવી મિત્રએ એક હીંચકો નાખ્યો. ત્યાં આ વિસ્તારની ગરીબ વસ્તીનાં બાળકો હીંચકતાં અને રમતાં. માનભાઈને અને તેના મિત્રોને એવો વિચાર આવ્યો કે આ ખરાબાની જમીન ઉપર સરસ બાલક્રિડાંગણ તેમજ સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ માટે એક સંસ્થા સ્થાપીએ. તેઓને ખબર હતી કે મહારાજાસાહેબ જૂના એરોડ્રામ રોડ ઉપર અવાર-નવાર ફરવા નીકળે છે. એક દિવસ સાંજે માનભાઇ અને તેના મિત્રો મહારાજાસાહેબના નીકળવાની રાહ જોઇને હાલમાં શિશુવિહાર સર્કલ છે ત્યાં બેઠા. દૂરથી બાપુની મોટર આવતી જોઇ એટલે માનભાઇ પહોળા હાથ કરીને રસ્તા વચ્ચે ઊભા રહ્યા. બાપુએ મોટર રોકી. બાપુએ શું છે તેમ પૂછ્યું ત્યારે અરજ કરી : કૃષ્ણનગરનો વિકાસ થઇ રહ્યો છે પરંતુ જમનાકુંડનો આ ખાડો કોઇ પૂરતું નથી. ત્યાં ખૂબ ગંદકી થાય છે. આપ આવી નજરે જોઇને ખાતરી કરો. માનભાઈની આગ્રહભરી વિનંતીથી મહારાજાસાહેબ ફરવા જવાનું છોડીને,માનભાઈની સાથે હાલ શિશુવિહાર છે ત્યાં જોવા ગયા. જગ્યા ખૂબ દુર્ગંધ મારતી હતી. પાણીની કંઇ સગવડ ન હતી. કૃષ્ણનગરની વિકાસ યોજનામાં આ જગ્યા લેવાઇ નહોતી. માનભાઈએ વિનંતી કરી કે આ હીંચકો નાખેલ છે ત્યાં બાલક્રિડાંગણ અને લોકકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ માટે શિશુવિહાર સંસ્થા ઊભી કરવી છે. મહારાજાસાહેબે આ જગ્યા ઉપર સંસ્થા શરૂ કરવા માટે પહેલા કંઇક કરી બતાવો તેમ કહ્યું. જનસેવાના દ્રઢ આગ્રહી માનભાઈએ ખરાબાની વિશાળ ખુલ્લી જગ્યા ફરતી ફેન્સીંગ કરી લીધી. જમીન સોંપાય તે પહેલા પ્રવૃત્તિનો આરંભ કરી દીધો, પણ કાયદેસર કશું થયેલ નહીં. આ દરમિયાન બાપુએ જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના કરી. સત્તા લોકોને સોંપી દીધી. એ વખતનાં એન્જીનીઅરીંગ ખાતાએ માનભાઈએ નાખેલ હીંચકા કાઢી નાખવા તથા ફેન્સીંગ ઉપાડી લેવા નોટીસ આપી, પણ માનભાઈએ ગણકાર્યુ નહીં. તેણે જવાબદાર રાજ્યતંત્ર પાસેથી આ જમીનની માગણી કરી. દરમિયાન સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના થઇ અને આ જગ્યા છૂટી કરવા માટે હુકમો છુટયા. માનભાઈએ મહારાજા પાસે જઇને ધા પોકારી

એટલે મહારાજાસાહેબે સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યપ્રધાનને લખ્યું કે આ જગ્યા ભાવનગર રાજ્યે શિશુવિહાર સંસ્થાને આપી છે પણ વિધિસર હુકમો થયા નથી. આ લખાણ ઉપરથી જવાબદાર રાજ્યતંત્રના તથા સૌરાષ્ટ્ર રાજ્યના સમયમાં કાયદેસર વિધિ કરીને શિશુવિહાર સંસ્થાને ૨૦ હજાર વાર જેટલી જમીન આપવામાં આવી. **સૌજન્ય : - 'ભાવનગર રાજ્યની ગૌરવગાથા' લેખક : શ્રી હરદેવસિંહજી મહોબતસિંહજી ગોહેલ**

● **શ્રદ્ધાંજલિ :** શિશુવિહારના આજીવન સભ્ય, સંસ્થાની કાર્યવાહક સમિતિના સક્રિય સભ્ય, માર્ગદર્શક અને ઉદારદિલ દાતા, ગુજરાત રાજ્યના નિવૃત્ત સમાહર્તા શ્રી હરિભાઇ નારણદાસ ચૌહાણના આકસ્મિક દેહાવસાનથી સંસ્થા પરિવારના સભ્યો અત્યંત ઊંડા શોકની લાગણી અનુભવે છે. સંસ્થાને એક સદ્‌ભાવી અને સક્રિય શુભેચ્છકની કદી ન પૂરાય તેવી વસમી ખોટ પડી છે.

● **ઓસડિયનાં ઉકાળાનું પરબ :** ધોમ ધખતા ઉનાળામાં દર વરસે શિશુવિહારમાં પાણીનું પરબ મંડાય છે. આ વખતે ચોમાસામાં દરરોજ સાંજે દેશી ઓસડિયાના ઉકાળાનું પરબ શરૂ કર્યું છે. ક્રિડાંગણમાં રોજ રમવા અને ફરવા આવતાં હોંશે હોંશે લાભ લે છે. રોગ થયા પછી ધાંધા થઇને ધંધાકીય દાકતરો પાસે દોડવું અને વિલાયતી દવાના ટીકડા ખાવા તેના કરતાં કાયમ નિરોગી રહેવા માટે ચોમાસામાં દેશી ઓસડિયાઓનો નિર્દોષ ઉકાળો નિયમિત લેવો તે સ્વાસ્થ્ય માટે ઘણું હિતાવહ છે. શુભસ્ય શીઘ્રમ્. એટલે આ શુભ કાર્યનો ઉદ્‌ઘાટન વિધિ કર્યા વિના જ તે શરૂ કરી દીધું છે. કડવું ઓસડ માતા પાય છે તેના ક્યારેય ઉદ્‌ઘાટન નથી હોતા. ભાવનગર શહેરની અનેક વિધ નિષ્કામ જનસેવાના સ્થાપક અને પ્રેરક પ્રાતઃસ્મરણીય પૂજ્ય સ્વર્ગસ્થ છોટાભાઇ ત્રિ. શાહે શરૂ કરેલ સેવાસમિતિમાં ઘણા વરસોથી જે પદ્ધતિએ ઉકાળો તૈયાર થાય છે તે જ રીતે અહીં પણ થાય છે. ઉકાળાનું વિતરણ વિના મૂલ્યે રોજ સાંજે ૫ થી ૭ થાય છે. આમ જનતાને આશીર્વાદરૂપ ઉકાળા - પરબ ચલાવવા માટે શેઠ શ્રી નિશીથભાઇના પરિવાર તથા સ્નેહીજનો તરફથી રૂ. ૧૧,૦૦૦/- નું દાન મળેલ છે. દાતાનો આભાર.

● **શિશુવિહારનાં નવાં પ્રકાશનો :** (૧) બાળગીત-બાળનાટક-બાળવાર્તા અને ગમ્મત ગીતો. લેખક : નટવરલાલ પ્ર. બુચ. કિંમત : ટપાલ રવાનગી સાથે રૂ. ૩-૫૦. (૨) વીણેલાં મોતી. સંપાદક : અશ્વિનભાઇ પ્રતાપરાય જોશી. કિંમત : ટપાલ રવાનગી સાથે રૂ. ૨-૧૦ પૈસા. (૩) વારસદારો. લેખક : રમણલાલ ચી. શાહ, તથા ભય-નિર્ભય અને અભય. લેખક : હેમાંગિની જાઇ. કિંમત રૂ. ૨-૨૫ પૈસા. (૪) લક્ષ્મણ જેવો ભાઇ અને બીજાં કાવ્યો. લેખક : પ્રેમશંકર ન. ભટ્ટ કિંમત : રૂ. ૭-૫૦ પૈસા.

## જરૂર વાંચો

● **સપ્ટેમ્બર:** વૃષભરાજનું પોઠિયા પુરાણ : ભાદરવી અમાસ. મુરબ્બી માનભાઇનો જન્મદિવસ. ૮૭ વરસ પૂરાં થઇને ૮૮મું બેઠું. તે દિવસે શનિવાર હતો. દર શનિવારે માનભાઇ શિશુવિહારની દિવ્ય જીવનની પ્રાર્થનામાં અચૂક જાય. નિત્યક્રમ મુજબ આ દિવસે પણ ગયા. ત્યાં લઘુરૂદ્ર રાખેલ. પ્રાર્થના પૂરી થઇ ત્યારે દિવ્ય જીવન સંઘના પ્રમુખ શ્રી તખ્તસિંહજીભાઇ પરમારે માનભાઇના જન્મદિવસનો ઉલ્લેખ કરી શુભેચ્છાઓ આપી. જવાબમાં માનભાઇએ કહ્યું કે આપણે શંકર ભગવાનનું ભક્તિભાવે સ્મરણ કર્યું



પણ તેના પોઠિયાને ભૂલી ન જવાય. તેથી હવે હું તમારી પાસે વૃષભરાજનું પુરાણ રજૂ કરીશ. આમ કહી માનભાઇએ પોતાના જન્મદિવસ નિમિતે લખેલ વૃષભપુરાણ વાંચી સંભળાવ્યું. અમરકોશમાં અનુષ્ટુપ છંદમાં આપેલ બળદનાં નવ નામોનો ઉલ્લેખ કર્યો. આજના વૃષભરાજની વાત કરું તો દીકરો બ્રાહ્મણનો પણ જીવ બળદિયાનો. રૂડા રૂપાળા દીકરા ઉપર બાપે રંડાપો ગાળ્યો. એવા વ્હાલસોયા બાપનો દીકરો. બાપનો જીવ, એટલે તેના ઉપર તેને લાગણી હોય જ એ મોટો થાય, મેટ્રિક સુધી ભણે એટલે ક્યાંક પોલીસ, પોસ્ટ કે રેલ્વે જેવા ખાતામાં ગોઠવી દઉં તો પણ દીકરાનો જીવ બળદિયાનો એટલે તેને પસંદ હતું કાંધ પર જોતરું વ્હોરીને, પરસેવો પાડીને, મહેનત મજૂરી કરીને સ્વાશ્રયી થવું. ઉપરાંત પેદા કરનાર પરમકૃપાળુને વેઠનું ખત આપીને તેના વાવણિયા બની, ખેડૂતના ગાડાંનાં જોતરિયા થવાનું જ પસંદ. એટલે બાપાની માનેલી કલ્પનામાંથી - ગમાણમાંથી છટકીને સાચા બળદિયાનું સ્વરૂપ બતાવવા નમ્ર ભાવે અજમાયેશ આદરી. બળદિયાને લાગણી ન હોય. ધણીનો ડચકારો થાય કે તુરંત જ કાંધ ધરી દેવાની. પછી ધણીને યોગ્ય લાગે તેમ તેની મુનસુફી મુજબ કામ ન થાય તો ડફણાચે મારે અને મન માન્યું થાય તો બાપો-બાપોએ કરે. પરંતુ બળદિયો તો લાગણી શૂન્ય. તેને તે વળી માન-અપમાન હોય ? તેને પેદા કરનાર ગાય માતા તો વાત્સલ્ય ભાવથી ભરેલી હોય. તે તેના ધણી અને બાળકો માટે જાન આપે. પૂરતી સંભાળ લે. તેના પાલક સામે મો ધરી રૂડુ ભાંભરે અને વહાલ કરે. ત્યારે આ બળદિયો તો મૂઢ. એટલું જ નહિ પરંતુ જે ગાડું ચલાવવાની તેની જવાબદારી છે તેમાં બેસનાર ઘાસચારો આપતા હોય તેના પ્રત્યે પણ ઉદાસીનતા ધરાવતો બળદિયો. જ્યારે તે નાનો વાછડો હતો ત્યારે થોડા નાના મોટા ઉધામા કરતો. પણ જોતરે જોડાયો એટલે પછી તેના મનના થનગનાટ શમી ગયા. મનને બળદિયા સ્વભાવનું જ વળગણુ વધવા માંડ્યું અને પ્રભુકૃપાએ કેળવાયું છે. અપનાવ્યું છે. તેમાં જ તેને મજા છે. તમ જેવા અનેકે સાચી ખોટી પ્રસંશાઓ આદરી છે, કેટલાક વખોડતાએ હોય પણ આ બળદિયાને તેની અસર થતી નથી. રૂડો, રૂપાળો, ઉપયોગી, જૂનો જાણીતો એવો આ ઉમદા બળદિયો એટલે સૌને ગમે. પરમ કૃપાળુંને ય ગમે, એવું ઉત્તમ કોટીનું બળદિયા પુરાણ મહાતમ મને ભગવાને રગરગમાં પૂર્યું છે એટલે મને તો આ જગતના અનેકવિધ આધિ, વ્યાધિ, ઉપાધિ અને પાર વિનાના ઝંઝાવાતો વચ્ચે રહેતો હોવા છતાં કાયિક-વાચિક આ બળદિયાનો જ ધર્મ-કર્મ રૂંવે રૂંવે વ્યાપ્ત થયેલ હોઇ તમારા સૌના અકલ્પનીય સદ્‌ભાવ વચ્ચે ય તમારા આનંદ ઉલસથી આ બળદિયાની ઉપયોગીતા જાણી, તેને ઝાલર ઓઢાડો, શીંગડે મઢો, ગળામાં ટોકરો બાંધો તો યે તેની ગણના નથી. આભાર વ્યકત કરી શકતો નથી તો સૌ દરગુજર કરશો. કારણ આખર તો આ બળદિયો જ. આ બળદિયો હાલતોચાલતો રહે ત્યાં સુધી તેને શણગારવા કે પૂજવાને બદલે તેની ક્ષતિઓ પ્રત્યે અણી, પરોણા મારતા તેનો પૂરો ઉપયોગ કરતા રહો તેવી સૌને અંતઃકરણપૂર્વની વિનંતી છે. જેથી મને અને મારામાં આ બળદિયા વૃતિ પેદા કરનાર એમ બંનેને આનંદ અને સંતોષ થાય કે ખરેખરો બળદિયો પેદા થયો અને રહ્યો. ઈતિ શ્રી આ બળદપુરાણ પ્રભુકૃપા હશે તો આગળના હવે પછીના વર્ષે સાંભળશું.

● **શ્રદ્ધાંજલિ :** શિશુવિહારના આજીવન સભ્ય અને સંસ્થાની કાર્યવાહક કમિટીના સક્રિય સભ્ય શ્રી કાનાભાઇ ઓધવજીભાઇ મુંજપરાના દુઃખદ અવસાનથી સંસ્થા પરિવારને એક નિષ્કામ અને નિપુણ સેવાભાવી સ્વયંસેવકની, કદી ન પૂરાય એવી

**ઓકટોબરઃ** નૂતન વર્ષાભિનંદન : વિક્રમ સંવત ૨૦૫૨નાં બેસતાં વરસના શુભ દિવસે શિશુવિહારને ૫૬ વરસ પૂરાં થઈને ૫૭મું બેઠું. નિજાનંદ માટે નિષ્કામ જનસેવાની ધૂનવાળા થોડા શ્રમજીવી મિત્રોએ ગાંધીયુગમા, સંસ્થાની સ્થાપના કરી. ત્યારથી આજની ઘડી સુધી નિષ્કામ જનસેવાનું ધ્યેય ચૂકયા વિના સંસ્થામાં જનસેવાની અનેકવિધ જાહેર પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહી છે અને વિકસતી રહી છે. વીતી ગયેલા ૫૬ વરસો ઉપર નજર નાખીએ તો સંસ્થા પરિવારના સભ્યો, હજારો શુભેચ્છકો અને દાતાઓ, નાનાં-મોટાં સ્વયંસેવક ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ, વાલીઓ, બાળકો, વડીલો અને સંસ્થાના સંનિષ્ઠ કર્મચારીના સંયુકત પ્રયાસ અને સદ્‌ભાવથી જ સંસ્થાનો વિકાસ થયો છે. તેમાં ઈશ્વરની દૈવીકૃપાનો સહારો પણ મળેલ છે. શિશુવિહાર તેના ૫૭માં જન્મ-દિવસે સૌનો પ્રણામ સાથે અંતઃકરણ પૂર્વક આભાર માને છે. વિક્રમ સંવતનું ૨૦૫૩ નું નવું વરસ સૌને સુખરૂપ અને મંગળમય બનો તેવી શુભેચ્છા પાઠવે છે.

**શ્રદ્ધાંજલિ :** શિશુવિહાર સંસ્થાના શુભેચ્છક તથા વડીલ આજીવન સભ્ય, શ્રી દામોદરદાસ જીવનલાલ ભટ્ટનું તા.૧૩-૯-૯૫ના રોજ રાજકોટ મુકામે દેહાવસાન થયું છે. સદ્‌ગતનાં આત્માની શાંતિ માટે પ્રાર્થના છે.

**નવેમ્બરઃ** પૂજ્ય તદ્‌રૂપાનંદજીની પ્રેરણાથી, ઉર-આશા ફાઉન્ડેશન મુંબઈના સૌજન્યથી દર વરસે શિશુવિહારમાં શરદપૂનમ ઉપર ‘તન્મયાનંદ સરસ્વતી પ્રભુકૃપા નેત્રયજ્ઞ’ થાય છે. આ વખતનો ૪૧મો નેત્રયજ્ઞ તારીખ ૧૧ થી ૧૬ સુધી રાખેલ. અંધકારથી પ્રકાશમાં લઈ જનાર આ નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજયના નેત્રરક્ષા વિભાગના વડા ડૉ. ખાનસાહેબના વરદ્ હસ્તે થયું. નિષ્ણાતોની ટુકડીએ ૬૯૫ દરદીઓને તપાસ્યા. ઓપરેશનની જરૂર ન હતી તેને યોગ્ય દવાઓ આપી. મોતિયાના ૧૨૦ દરદીઓના ઓપરેશન કર્યા. ઉપરાંત ૮ દરદીઓને નેત્રમણિ મુકાવવા વીરનગર મોકલ્યા. પ્રભુકૃપાથી બધા જ ઓપરેશનો સફળ થયા. **વૃદ્ધજન સન્માન સમારંભ :** ડૉ.નિર્મળ વકીલ પરિવારના સહયોગથી, તેઓના પિતાશ્રી ન્યાલચંદભાઈના સ્મરણાર્થે દર લાભપાંચમને દિવસે શિશુવિહારમાં વૃદ્ધજન સન્માન સમારંભ યોજાય છે. વૃદ્ધો પ્રત્યે દરેક કુટુંબની, સમાજની અને રાષ્ટ્રની ફરજ છે. આ ફરજનું ભાન ભુલાય નહી, વડીલોને પોતાના સ્વજનો અને સમાજ તરફથી યોગ્ય આદર મળતો રહે, રાષ્ટ્ર ઘડતરમાં તેઓ અમૂલ્ય ફાળો આપતા રહે, તેઓનું શેષ જીવન નિષ્ક્રીય, નકામું અને અવગણના પાત્ર ન બની જાય તે દિશામાં સંસ્થા અથાક પ્રયત્નો કરે છે. સંસ્થાની અનેકવિધ સેવાની યાદીમાં વૃદ્ધજન સેવાનો ખાસ સમાવેશ છે. સન્માન સમારંભમાં ૭૫ થી ૯૨ વર્ષ સુધીના ૧૦૦ જેટલા વડીલો આવ્યા હતા. શ્રી તખ્તસિંહજીભાઈ પરમારે સૌનું સ્વાગત કર્યું. બીજા દોરમાં જાણીતા રેડીઓ કલાકાર અને ઉત્તમ લેખક શ્રી પુંજાભાઈ રબારીએ તળપદી શૈલીમાં વૃદ્ધજનો સમક્ષ દુલાકાગની મધુર વાણીમાં જીવનના મર્મો રજૂ કર્યા હતા.

**ડિસેમ્બરઃ** ભારતીય રેડક્રોસની ભાવનગર શાખાએ શિશુવિહારની ચક્ષુદાન તથા દેહદાનની પ્રવૃત્તિ સંભાળી લીધી તેને જાન્યુઆરી ૧૯૯૬ ની પહેલી તારીખે એક વરસ પુરું થશે. એક વરસના ગાળામાં રેડક્રોસ ગૌરવ લઈ શકે તે રીતે આ પુણ્ય પ્રવૃત્તિ આગળ ધપતી રહી છે. ભાવનગરની જનતાએ પણ પણ ઘણો સારો સહકાર આપ્યો છે. આ પ્રવૃત્તિને પગભર રાખવા માટે ઉદાર સખાવત પણ મેળવી છે. ધન્યવાદ. વર્ષ દરમ્યાન રેડક્રોસને ૧૩ પુણ્યાત્માના ચક્ષુદાન અને ત્રણ પુણ્યાત્માના દેહદાન મળ્યાં છે. પરમાત્મા પરોપકારી દાતાઓને ચિરશાંતિ આપે તેવી પ્રાર્થના.




REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month


સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: ‘**શિશુવિહાર**’

SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar | Shishuvihar Bhavnagar
Shishuvihar | Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.


PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001. (GUJARAT) INDIA